# કાળધર્મ-અંતિમસંસ્કાર વિધિ
# (વિભાગ ચાર)

• કૃપાદૃષ્ટિ •

શાસનપ્રભાવક પરમોપકારી પૂજ્યપાદ ગચ્છાધિપતિ
આચાર્યદેવ શ્રીમદ્ વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજા

• સંપાદક •

**પૂ. મુનિરાજશ્રી હિતવિજયજી મહારાજ**

• પ્રકાશક •

**નિમિષકુમાર મ. કાપડિયા (વકીલ)**
'ઈન્દ્રાલય', બાલગાયત્રી સોસાયટી, બંગલા નં. ૫,
વિભાગ-૨, ૧૩૨ ફૂટ રીંગ રોડ, શ્યામલ ચાર રસ્તા પાસે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૦૭૯-૨૬૭૬૨૭૬૨, ૨૬૭૫૧૫૪૫

# ભવાંતરની મારી આત્મકલ્યાણકારી ભાવના

૧. ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે ।
મિત્તિ મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝ ન કેણઈ ॥૧॥

**અર્થ :** હું સર્વ જીવોને ખમાવું છું. સર્વ જીવો મને ક્ષમા આપો.
સર્વ જીવોની સાથે મારે મૈત્રીભાવ છે.
મારા હૃદયમાં કોઈ પણ જીવની સાથે વેરભાવ નથી.

૨. ચત્તારિ સરણં પવજ્જામિઃ અરિહંતે સરણં પવજ્જામિ,
સિદ્ધે સરણં પવજ્જામિ, સાહૂ સરણં પવજ્જામિ,
કેવલિપન્નતં ધમ્મં સરણં પવજ્જામિ ॥૧॥

**અર્થ :** હું શરણ કરવા યોગ્ય એવા ચારનું શરણ સ્વીકારું છું :
હું અરિહંત પરમાત્માનું શરણ સ્વીકારું છું,
હું સિદ્ધ પરમાત્માનું શરણ સ્વીકારું છું,
હું સર્વ સાધુ ભગવંતોનું શરણ સ્વીકારું છું.
હું કેવળી ભગવંતોએ પ્રરૂપેલા ધર્મનું જ શરણ સ્વીકારું છું.

૩. હે અરિહંત પરમાત્મા ! હે સિદ્ધ પરમાત્મા !
ભયંકર પાપથી અને દુઃખથી ભરેલા આ સંસાર થકી
મારા આત્માનો વહેલામાં વહેલી તકે ઉદ્ધાર કરજો !

૪. આ સંસારમાં મારા આત્માને પાપથી અને દુઃખથી
બચાવનાર જૈનશાસન સિવાય બીજું કોઈ જ નથી.

૫. જ્યાં પણ મારો જન્મ થાય ત્યાં મને જિનશાસન મળે.
આ સિવાય મારે બીજું કાંઈ જ જોઈતું નથી.

આત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-રામચન્દ્ર-રવિચન્દ્રસૂરિસદ્ગુરુભ્યો નમઃ

# કાળધર્મ-અંતિમસંસ્કાર વિધિ
## (વિભાગ ચાર)

• કૃપાદૃષ્ટિ •

શાસનપ્રભાવક પરમોપકારી પૂજ્યપાદ ગચ્છાધિપતિ
આચાર્યદેવ શ્રીમદ્ વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજા

• સંપાદક •

પૂ. મુનિરાજશ્રી હિતવિજયજી મહારાજ

• પ્રકાશક •

**નિમિષકુમાર મ. કાપડિયા (વકીલ)**
'ઈન્દ્રાલય', બાલગાયત્રી સોસાયટી, બંગલા નં. ૫,
વિભાગ-૨, ૧૩૨ ફૂટ રીંગ રોડ,
શ્યામલ ચાર રસ્તા પાસે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૦૭૯-૨૬૭૬૨૭૬૨, ૨૬૭૫૧૫૪૫

**પ્રથમ આવૃત્તિ**

**વિ.સં. ૨૦૭૦**

**નકલ ૫૦૦**

**• પ્રાપ્તિસ્થાન •**

**૧. નિમિષકુમાર મ. કાપડિયા (એડવોકેટ)**

'ઈન્દ્રાલય', ૫, બાલગાયત્રી સોસાયટી,
વિભાગ-૨, શ્યામલ ચાર રસ્તા પાસે,
૧૩૨ ફૂટ રીંગ રોડ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૦૭૯-૨૬૭૬૨૭૬૨, ૨૬૭૫૧૫૪૫

**૨. વિસ્મિતભાઈ એમ. ખરીદિયા**

વિસ્મિત-ઈલેક્ટ્રીકલ્સ, સેલર, સહજાનંદ ટ્રેડ સેન્ટર,
કોઠાવાલા ફ્લેટની સામે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬
ફોન : ૯૩૨૭૦૦૧૦૨૭ (M)

**3. મુંબઈ-અમદાવાદના મુખ્ય ઉપાશ્રયોમાંથી અને**
**નમો નમઃ શાશ્વત પરિવાર પાસેથી**
**આ પુસ્તિકાની નકલ મળશે.** **(જુઓ પાનું ૬૪)**

**• લેસર કંપોઝ •**

**પ્રેમલ અ. પંડ્યા**

મો. ૯૦૯૯૫૧૧૫૭૦

**• મુદ્રક •**

**ભગવતી ઑફસેટ**

સી/૧૬, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦૦૦૪

# પ્રાસ્તાવિક

કાળધર્મવિધિનાં અનેક પુસ્તકોમાંથી તારવણી કરીને મારા ક્ષયોપશમ મુજબ મેં આ લખાણ તૈયાર કર્યું છે. મારા આ લખાણનું ગીતાર્થો દ્વારા પરિમાર્જન કરાય એ જરૂરી છે.

ક્ષયોપશમ આદિની ભિન્નતાને કારણે મતભેદો હોય એ સ્વાભાવિક છે. કાળધર્મવિધિ અંગેના ભિન્ન ભિન્ન મંતવ્યોમાંથી મારા ક્ષયોપશમ પ્રમાણે કોઈ એક મંતવ્યનો સ્વીકાર કરીને મેં આ લખાણ તૈયાર કર્યું છે. અન્ય મંતવ્યો પણ આદરણીય અને વિચારણીય છે.

પૂર્વે તો મુનિઓ દ્વારા જ મહાપારિટ્ઠાવણિયાની વિધિ કરાતી હતી.

કેટલાક રિવાજો પાછળથી દાખલ થયા હોવાને કારણે વિધિમાં જે પરિવર્તનો થયાં છે, એનું પરિમાર્જન ગીતાર્થો દ્વારા કરાય અને એની જાણ મને કરાય એ જરૂરી છે.

કાળધર્મવિધિના આ લખાણમાં કેટલીક બાબતોમાં મારા ક્ષયોપશમ પ્રમાણે મને જેમ યોગ્ય લાગ્યું તેમ જણાવ્યું છે.

**શાસ્ત્રીય સિવાયની અન્ય (વ્યાવહારિક) બાબતોમાં ક્યાંય પણ આગ્રહ સમજવો નહિ. વ્યાવહારિક બાબતોમાં જ્યાં જેમ રિવાજ હોય ત્યાં તેમ કરવું હિતાવહ જણાય છે.**

**– હિતવિજય**

# અનુક્રમણિકા


**પૃષ્ઠ નં.** **વિભાગ-૧**

(૧) સાધુ કાળધર્મ પામે ત્યારે જોઈતા સામાનની યાદી.

(૫) મૃતકનો સામાન મેળવવાની દુકાન.

(૬) પાલખી વગેરે મેળવવાનાં સ્થાન.

(૮) પાલખીની બોલીઓ બોલાવવાની યાદી.

**વિભાગ-૨**

(૧૨) કાળધર્મ પામતાં પૂર્વેનાં શરીરનાં સંભવિત લક્ષણો.
મૃતકને વોસિરાવતાં પહેલાં સાધુએ કરવાની વિધિ.

(૧૭) સાધુએ કરવાની મૃતકને વોસિરાવવાની વિધિ.

**વિભાગ-૩**

(૧૯) મૃતક સંબંધી શ્રાવકોએ કરવાની વિધિ.

(૨૦) સાધુઓએ કરવાની અવળા દેવવંદનની વિધિ.

(૨૧) મૃતક સંબંધી શ્રાવકોચિત કર્તવ્ય.

(૩૦) સ્મશાનયાત્રા ક્રમ. નાણ સમક્ષ દેવવંદન વિધિ.

(૩૪) અનિત્યતાનો ઉપદેશ.

(૩૭) સ્ત્રીઓ માટેની સ્મશાનયાત્રા સંબંધી હિતકર મર્યાદા.

(૪૨) બોલીનું દ્રવ્ય કયા કયા શુભ કાર્યોમાં જ વપરાય.

(૪૨) બજારમાંથી લાવવાની વસ્તુઓની યાદી.

**વિભાગ-૪**

(૪૪) સાધ્વીજીના કાળધર્મ સમયે કરવાની વિધિ.

(૪૮) મૃતક અંગે શ્રાવિકાઓએ અને શ્રાવકોએ કરવાની વિધિ.

(૫૫) અવળા દેવવંદનની વિધિ.

(૫૬) ચૌમુખજી બિંબ સમક્ષ દેવવંદનની વિધિ.

# વિભાગ - ૧

## સાધુ કાળધર્મ પામે ત્યારે જોઈતા સામાનની યાદી

૧. આંગળીના વેઢા જેવડી નાની ખીલી આશરે ૧૦ તથા હથોડી, કાતર, ચપ્પુ, બ્લેડ, દીવાસળીની પેટી.

૨. સાથિયા માટે ઘઉંનો લોટ આશરે ૫૦૦ ગ્રામ.

૩. સોનાવાણી માટે સોનાનું વરખ ૦।। પાનું. વરખના અભાવે સોનાનું કોઈ પણ એક ઘરેણું - દાગીનો અચિત્ત જળમાં બોળાય તથા ગોમૂત્ર.

૪. મૃતકનાં નાક-કાનમાં નાખવા માટે રૂ.

૫. ત્રાંસ (તાસક) મૃતકને બેસાડીને સ્નાન કરાવી શકાય એવું મોટું વાસણ.

૬. શરીર લૂછવા માટે સુંવાળું નવું વસ્ત્ર.

૭. મૃતક શરીર પર વિલેપન કરવા માટે ઘસેલું સુખડ, બરાસ, કેસર જરૂર પ્રમાણે.

૮. પાલખી કે નનામીનો સામાન.

૯. પાલખી શણગારવા માટે જરિયાન વસ્ત્ર.

૧૦. મૃતકને પાલખી કે નનામી સાથે બાંધવા માટે સૂતર

અથવા સફેદ નાડાદોરી. મૃતકને પાલખી સાથે બાંધવા માટે કપડાની પટીઓ વધુ અનુકૂળ પડે છે.

૧૧. ગુરુપૂજન આદિ માટે જરૂર પ્રમાણે વાસક્ષેપ.

૧૨. નક્ષત્ર પ્રમાણે પૂતળાં બનાવવાં માટે સૂકું ઘાસ અથવા સાવરણીને વચ્ચેથી તોડીને બાંધવાથી ખેતરમાં ચાડિયો રખાય છે એવો માણસ થઈ જાય. પૂતળાંમાં વાંસની સળીઓ નાખવાથી પૂતળાં ઊભાં રહે છે.

૧૩. સળગતું છાણું (દેવતા) મૂકવા માટે ત્રાંબા-પિત્તળની અથવા માટીની દોણી (ઘડી).

૧૪. વાંસ-૪, વાટકા-૪, કન્દ્રૂપધૂપ આશરે ૫૦૦ ગ્રામ. ત્રણ વેંત પ્રમાણ વાંસના ઉપરના ભાગે ચાર ફાડિયાં કરીને તે ચારેય વાંસમાં વાટકા કે લોટી મૂકીને, એમાં ધૂપ નાખીને સ્મશાનયાત્રાના માર્ગમાં ધૂપ કરાય છે.

૧૫. શાસનપ્રભાવના માટે ઉછાળવા માટે પૈસાનું પરચૂરણ.

૧૬. સંઘ કે વ્યક્તિની શક્તિ અનુસાર અનુકંપાદાન માટે જુવાર, બાજરી વગેરે અનાજ તથા મીઠાઈ વગેરે રિવાજ પ્રમાણે. તથા કૂતરાં માટે લાડવા.

૧૭. અગ્નિદાહની ભૂમિના અને ચિતાના કાષ્ઠના પ્રમાર્જન માટે પૂંજણી-૪

૧૮. દોણીમાં મૂકવા માટે તથા અગ્નિસંસ્કાર માટે છાણાં આશરે ૧૫.

૧૯. ચિતા માટે બાવળનાં લાકડાં વધારે સારાં હોય છે.

૨૦. ચિતામાં મૂકવા માટે સુખડ યથાશક્તિ.

૨૧. ચિતાનો અગ્નિ પ્રગટાવવા માટે ગાયનું ઘી કિલો-૩, રાળ કિલો-૧, તથા ટોપરાં તેમજ ઘાંસના પૂળા ૨ થી ૧૦ જરૂર પ્રમાણે લોકવ્યવહાર મુજબ.

૨૨. ચોમાસામાં વાતાવરણ ભેજવાળું હોય તો ઉપરની બધી વસ્તુઓ વધારે જોઈએ.

૨૩. મૃતકને રાત્રે રાખવાનું હોય તો દીવાસળીની પેટી(બાક્સ), દીવો અને દશાંગ ધૂપ.

૨૪. ઊંટગાડી કે હાથલારી (રેંકડી) અનુકંપાદાન માટે.

૨૫. બેન્ડવાજાં અથવા ઢોલ-શરણાઈ યથાશક્તિ.

***વિશેષ નોંધ :***

૧. કેટલાક નવા નવા રિવાજો પાછળથી દાખલ થયેલા હોય છે. આ નવા રિવાજોનું પરિમાર્જન ગીતાર્થ અનુભવી મુનિભગવંતો દ્વારા કરાવવા યોગ્ય છે.

૨. સાધુ-સાધ્વીની સ્મશાનયાત્રામાં હાલમાં ગુલાલ ઉછાળવાની પ્રવૃત્તિ ચાલે છે. ગુલાલમાં કેમિકલ ભેળવાતું હોવાથી

આંખને, ગળાને, ચામડીને તથા વસ્ત્રોને હાનિકારક બનવા સંભવ છે. ગુલાલ ઉછાળવાની શાસ્ત્રીય વિધિ પણ નથી.

૩. વિશેષ પ્રકારે જીવદયાપ્રેમી જૈનો માટે તો સારા-માઠા હરકોઈ પ્રસંગે જીવદયાનું કામ અવશ્ય કરવા યોગ્ય હોય છે. દરેક સંઘમાં સારા-માઠા સર્વ પ્રસંગોએ જીવદયાની ટીપ કરાય છે.

૪. કોઈ મહાન પ્રભાવક આચાર્ય માટે સ્મશાનયાત્રામાં બેન્ડવાજાં પૂર્વે બગીમાં બેસીને દાન કરાય તે અન્ય સાધુ-સાધ્વી માટે અનુકૂળતા મુજબ કરાય.

૫. પાલખીની પાછળ અનુકંપાદાન કરાય અને કૂતરાંને લાડુ અપાય તે યોગ્ય છે.

૬. સ્મશાનયાત્રામાં છેલ્લે અનુકંપાદાનનું ગાડું હોય એ સિવાયનું બધું વધારાનું સમજવું. વિધિરૂપે માનવું નહિ. શાસનપ્રભાવક આચાર્યો આદિ મહાપુરુષો માટે તો ભક્તો દ્વારા બીજું ઘણું ઘણું કરાય. એ બધું વધારાનું હોય છે. તે સર્વ સાધુ-સાધ્વી માટે જરૂરી સમજવું-માનવું નહિ.

૭. સ્મશાનયાત્રામાં અનુકંપાદાન માટેની વસ્તુઓનું પ્રમાણ સ્મશાનયાત્રાના નાના-મોટા માર્ગ પ્રમાણે નક્કી કરાય.

૮. સ્મશાનયાત્રામાં ચોખા, બદામ, નાણું વગેરે ઉછાળવાની પ્રાચીન વિધિ નથી.

## પાલખી માટે જોઈતા સામાનની યાદી

૧. પાલખી વજનદાર હોવાથી આગળ - પાછળ પાંચ-પાંચ માણસો ઉપાડીને ચાલી શકે એવા લાંબા-મોટા-જાડા વાંસ(વળી) ૨.

૨. ચાર બાજુના વાંસ.

૩. ચાર બાજુની કમાનો (થાંભલી) માટેના વાંસ.

૪. ઉપરની ઘૂમટી માટે વાંસની પટીઓ.

૫. પાલખીને શણગારવા માટે લાલ-સોનેરી જરિયાન વસ્ત્ર.

૬. કપડાની બનાવેલી સોનેરી ધજા-૫.

૭. થાંભલીને વીંટવા માટે જરિયાન કપડું કે કસૂંબો.

૮. મૃતકને બેસાડવા માટેનું પાટિયું તથા પાછળ ટેકા માટેનું પાટિયું.

૯. થાંભલી ઉપર મૂકવાની લોટી (કળશ) નંગ-૫.

૧૦. લાકડાંનાં ખપાટિયાં જરૂર પ્રમાણે.

❖❖❖❖❖

**(૧) અમદાવાદમાં મૃતકનો સામાન મેળવવાની દુકાન :**

સાજ(ખાંપણ)ની દુકાન - આ દુકાન રાત-દિવસ ચોવીસેય કલાક ખુલ્લી રહે છે. આ દુકાન જ્યોતિબહેન સંભાળે છે.

ફોન નંબર : ૯૯૦૪૬૧૬૨૨૭

સરનામું : ૩૦૨/૫, રિલીફ રોડ, ઝવેરી વાડ સામે,

પ્રકાશ હાઈસ્કૂલની ગલીમાં, ચેતના હોટલ પાછળ, અમદાવાદ - ૩૮૦૦૦૧

આ દુકાન સાજની(શણગારની) દુકાન તરીકે જાણીતી છે.

આ દુકાનમાં નીચેની વસ્તુઓ મળે છે.

૧. ધૂપ માટેની વાંસની દીવી-૪

૨. ધૂપ માટેની પિત્તળની વાટકી-૪

૩. વટલોય (દોણી)

૪. લોટી-૫

૫. કન્દ્રૂપ ધૂપ

સાજ એટલે શણગાર અને ખાંપણ એટલે કફન

## ૨ સાબરમતી જૈન સંઘમાં નીચેની વસ્તુઓ તૈયાર મળે છે :

૧. તૈયાર પાલખી

૨. ત્રાંબાની લોટી

૩. પિત્તળની વાટકી

૪. પૂંજણી

૫. પાલખી માટે ધજા

૬. રેશમી કાપડ (તાશ)

૭. કાચું સૂતર

૮. ચિતામાં મૂકવા માટે સુખડના લાકડાના ટુકડા

જૈન સંઘ પેઢી ફોન નંબર : ૨૭૫૦૭૦૪૫

## 3 શાહીબાગ ગિરધરનગર જૈન સંઘમાં પાલખી તૈયાર મળે છે :

જૈન સંઘ પેઢી ફોન નંબર : ૨૨૮૫૦૦૧૯

**૪. નીચેનાં બંને ઠેકાણે પાલખી અને પાલખીનો સામાન તૈયાર મળે છે :**

૧. એલર્ટ : મેહુલભાઈ
ફોન : ૭૩૮૩૯૪૯૩૩૩ (મો૦)
પ્રાર્થના પીઠ
૧૭, ઈલોરાપાર્ક સોસાયટી, જૈન દેરાસરની
સામેની ગલીમાં, નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ

૨. એલર્ટ : પલકભાઈ
ફોન : ૯૮૨૫૪૩૩૭૧૫ (મો૦)
દિવ્યદર્શન ટ્રસ્ટ
૨૯-૩૦, વાસુપૂજ્ય બંગલોઝ, સેટેલાઈટ, અમદાવાદ
પાલિતાણા આયંબિલ ખાતામાં પાલખી તૈયાર મળે છે.
કાર્યકર્તા : કુમારપાળભાઈ તથા પ્રફુલભાઈ
ફોન નંબર : (૦૨૮૪૮) ૨૫૨૮૩૦
(નિમિષકુમાર કાપડિયાએ આપેલ માહિતી પ્રમાણે)

❖❖❖❖❖

***વિશેષ નોંધ :***

૧. પાલખી તૈયાર રખાય તે ઠીક લાગતું નથી. પાલખી માટેના જુદા જુદા ભાગ તૈયાર રખાય અને જરૂર પડ્યે એ બધા વિભાગોને જોડીને પાલખી તૈયાર કરાય તે યોગ્ય છે. વિભાગો તૈયાર હોવાથી પાલખી તૈયાર કરતાં સમય લાગે નહિ. જેમ નનામી તૈયાર રખાતી નથી તેમ પાલખી તૈયાર રખાય તે પણ ઉચિત જણાતું નથી.

૨. મૃતકના અગ્નિસંસ્કાર કરવાનો લાભ એમના સંસારી પરિવારને આપવા યોગ્ય છે.

અગ્નિસંસ્કારનો લાભ બોલી બોલાવ્યા વિના એમને જ અપાય. છતાં સંઘનો નિર્ણય માન્ય ગણાય.

પરિવાર જો બોલી બોલાવવા રાજી-ખુશીથી હા પાડે તો જ બોલી બોલાવાય.

શાસનપ્રભાવક આચાર્યની બાબતમાં અપવાદ સમજવો.

**પાલખીની બોલીઓ બોલાવવાની યાદી :**

૧. મૃતકને સ્નાન કરાવ્યા પછી ચોલપટ્ટો(કમર પરનું વસ્ત્ર) પહેરાવીને સંઘના દર્શનાર્થે પાટ પર પધરાવવાની બોલી.

૨. મૃતકને પાલખીમાં પધરાવવાની બોલી.

૩. પાલખીમાં પધરાવ્યા પછી શરીર પર વિલેપનની બોલી.

૪. વાસક્ષેપથી ગુરુપૂજન (ગુરુના સંયમપૂત દેહનું પૂજન) કરવાની બોલી. પછી કપડો (૬૦ ઈંચ પનાનું વસ્ત્ર) પહેરાવાય.

૫. પાલખીની આગળ (પૂર્વે) દોણી (અગ્નિ) લઈને ચાલવાની બોલી.

૬. ચાર ધૂપિયાંની અલગ અલગ ચાર બોલી.

૭. પાલખીની આગળનો જમણો છેડો ઉપાડવાની બોલી.

૮. પાલખીની પાછળનો જમણો છેડો ઉપાડવાની બોલી.

૯. પાલખીની આગળનો ડાબો છેડો ઉપાડવાની બોલી.

૧૦. પાલખીની પાછળનો ડાબો છેડો ઉપાડવાની બોલી.

૧૧. પાલખીની પાંચ લોટી (કળશ)ની અલગ અલગ પાંચ બોલી.

૧. મુખ્ય લોટી, ૨. આગળની જમણી લોટી, ૩. આગળની ડાબી લોટી, ૪. પાછળની જમણી લોટી, ૫. પાછળની ડાબી લોટી

૧૨. પાલખીની પાછળ ઊંટગાડીમાં કે બગીમાં બેસીને ગરીબોને અનુકંપાદાન કરવાની બોલી.

૧૩. અગ્નિસંસ્કાર(અગ્નિદાહ) કરવાની બોલી.

***વિશેષ નોંધ :***

૧. લોટી (કળશ)ની બોલી પાછળથી ઊભી થયેલી હોવાથી ફરજિયાત ગણાય નહિ.

૨. પાલખીની પાછળ અનુકંપાદાન કરાય અને કૂતરાંને લાડુ અપાય તે યોગ્ય છે, પરંતુ પાલખીની પૂર્વે (આગળ) બગીમાં બેસીને દાન કરાય તે ઠીક નથી. શાસનપ્રભાવક મહાપુરુષ માટે જે કરાય તે બધા માટે ઉચિત ન હોય.

૩. રિવાજ મુજબ ત્રાંબાની કે પિત્તળની દોણી (દેગડી) તેમજ ધૂપિયાંની પિત્તળની ચાર વાટકી જીવદયાનું કામ કરનારી

ખોડાંઢોરની પાંજરાપોળમાં અપાય અથવા કાળધર્મ પામનાર ગુરુની સ્મૃતિરૂપે ભક્ત દ્વારા ઘેર પણ લઈ જવાય.

૪. સાધુ-સાધ્વીના કાળધર્મના સમાચાર સ્વ સમુદાયનાં સાધુ સાધ્વીજીઓને તથા કાળધર્મ પામનારનાં સગાં-સંબંધીઓને સમયસર મોકલવા જરૂરી ગણાય.

૫. બહારગામથી પધારેલા મહેમાનો (સાધર્મિક બંધુઓ) માટે યથાશક્તિ નવકારશીની તથા રહેવા જમવાની વ્યવસ્થા કરવી જરૂરી ગણાય.

૬. ખાસ કારણસર અગ્નદાહની બોલીનો આદેશ આપવાનો બાકી રખાયો હોય તો આ આદેશ છેવટે સ્મશાનમાં અપાય છે.

૭. કાળધર્મ પામનાર ગુરુમહારાજ નિમિત્તે જિનભક્તિ મહોત્સવ કરવાનો હોય તો મહોત્સવની અને જીવદયાની ટીપ કરી શકાય.

**કાળધર્મની બોલીઓ નીચે મુજબ બોલાય છે :**

૧. ગુરુપૂજન બોલી.
૨. ચાર ધૂપિયાંની ચાર બોલી.
૩. પાલખીનો આગળનો જમણો છેડો ઉપાડવાની બોલી.
૪. પાલખીનો આગળનો ડાબો છેડો ઉપાડવાની બોલી.
૫. પાલખીનો પાછળનો જમણો છેડો ઉપાડવાની બોલી.

૬. પાલખીનો પાછળનો ડાબો છેડો ઉપાડવાની બોલી.
૭. પાંચ લોટીની પાંચ બોલી.
૮. પાલખીની આગળ દોણી લઈને ચાલવાની બોલી.
૯. અગ્નિદાહ(અગ્નિસંસ્કાર)ની બોલી.
૧૦. પાલખીની પાછળ અનુકંપાદાન કરવાની બોલી.

***વિશેષ નોંધ :***

૧. બોલીનું દ્રવ્ય મૃતકના સ્મારકમાં અર્થાત્ કાળધર્મ પામનારની કે અન્ય ગુરુની ગુરુમૂર્તિના, ગુરુમંદિરના નિર્માણમાં અને એના સમારકામમાં તથા કાળધર્મ પામનારા ગુરુના સંયમ જીવનની અનુમોદનાર્થે મહોત્સવમાં અને જિર્ણોદ્ધારમાં વપરાય. એમાં જરૂર ન હોય તો દેવદ્રવ્યમાં અપાય.

આ દ્રવ્ય જમણમાં અને પ્રભાવનામાં વપરાય નહિ તેમજ જૈન સંગીતકાર અને વિધિકારકને પણ ન અપાય. વિશેષ માટે જુઓ પાનું ૪૨

# વિભાગ - ૨

## કાળધર્મ પામવા પૂર્વેનાં શરીરનાં સંભવિત લક્ષણો :

૧. ચહેરા પરની રેખા ફરવાથી ચહેરો બદલાય.

૨. જીભ ટૂંકાય એમનું બોલેલું આપણને સમજાય નહિ.

૩. સૂતી વખતે કાનની બૂટ પાછળ લબડી પડે.

ઉપર જણાવેલાં શરીરનાં લક્ષણો (ચિહ્નો) જાણવા જરૂરી એટલા માટે છે કે કાળધર્મ નજીકમાં છે એમ જાણી શકાય એથી એમને અંતિમ આરાધના કરાવી શકાય અને સમાધિ મૃત્યુ પમાડી શકાય. મૃત્યુ પૂર્વે આ લક્ષણો જોવાં મળે જ એવો નિયમ નથી, પણ આ લક્ષણો જોવાં મળે તો મૃત્યુ નજીકમાં છે એમ ચોક્કસ કહી શકાય.

## મૃતકને વોસિરાવતાં પહેલાં સાધુએ કરવાની વિધિ :

૧. અગાઉથી કાળધર્મ પામવાનો ખ્યાલ આવી જાય તો કાળધર્મ પામે તે પહેલાં જ વધારાની ઉપધિ લઈ લેવી અને મૃતકથી દૂર રાખવી. આ કામ શ્રાવક હાજર હોય તો શ્રાવક પાસે કરાવાય.

૨. કાળધર્મ પામવાની તૈયારી જણાય તો સ્થાપનાચાર્ય પ્રથમથી જ લઈ લેવા. મૃતક પાસે કોઈના પણ સ્થાપનાચાર્ય રખાય નહિ.

૩. કાળધર્મ પામતાંની સાથે જ જાવજ્જીવનું ચારિત્ર પૂરું થયું હોવા છતાં, ઓઘો-મુહપત્તી મૃતક પાસે-મૃતકથી સહેજ દૂર બે ઘડી એટલે ૪૮ મિનિટ સુધી રાખી મૂકવાં. પછી એ લઈ લેવાં અને એના સ્થાને વર્તમાન રિવાજ મુજબ ચરવળી અને મુહપત્તી મૂકવાં.

મૃતક પાસે બે ઘડી સુધી ઓઘો-મુહપત્તી રાખી મૂકવાનું કારણ એ છે કે, આ પુણ્યાત્મા કાળધર્મ પામીને દેવલોકમાં જાય અને ઉપયોગ મૂકવાથી ગત જન્મના પોતાના સાધુપણાને જુએ-જાણે તો એને સાધુજીવન પ્રત્યે આદરભાવ થાય, સાધુપણું પાળવાથી પોતે દેવલોકમાં આવ્યાનું જાણે તો સમ્યક્ત્વમાં અને સંયમરાગમાં દૃઢ થાય. એથી એ સ્વર્ગવાસી આત્માને લાભ થાય.

**વિશેષ નોંધ :** નવી પ્રવ્રજ્યા યોગવિધિમાં જણાવ્યા મુજબ મૃતકને વોસિરાવવાનું કામ પ્રથમ થવું જોઈએ. આંગળી ઉપર છેદ આદિ મૃતકને વોસિરાવ્યા પછી જ કરાય.

૪. સાધુ કાળધર્મ પામે કે તરત જ મૃતકના મસ્તક નીચેની જમીનમાં લોઢાની ખીલી મારવી અને મૃતકની ટચલી આંગળીના ઉપરના વેઢા ઉપર સોય, ચપ્પુ કે બ્લેડથી છેદ કરીને મૃતક શરીરને ખંડિત કરવું, હાથની આંગળીઓને દોરાથી વીંટાળીને બાંધી દેવી, જેથી એમાં વ્યંતર આદિનો પ્રવેશ થઈ શકે નહિ. શ્રાવક હાજર હોય તો

અનુભવી શ્રાવક, સાધુના માર્ગદર્શન મુજબ આ કામ કરે. નહિ તો આ કામ સાધુ પણ કરે.

૫. કાળધર્મ પામવાનો સમય નોંધવો જરૂરી છે.

ઉપરનાં સર્વ કામ મૃતકને વોસિરાવતાં પહેલાં જ કરવા યોગ્ય છે.

૬. સાધુએ સાંજે કાળ કર્યો હોય અને પ્રતિક્રમણ બાકી હોય તો મૃતકથી દૂરના બીજા સ્થાનમાં જઈને સાધુઓ પ્રતિક્રમણ મૌનપૂર્વક કરે. પ્રતિક્રમણ એજ સ્થાનમાં કરવું પડે એમ હોય તો વચમાં પડદો કરાવીને પ્રતિક્રમણ મૌનપૂર્વક કરાય. પ્રતિક્રમણ મોટેથી બોલીને કરવું પડે એમ હોય તો મૃતકથી ૧૦૦ ડગલાં દૂરના સ્થાનમાં જઈને કરાય.

૭. મૃતકને રાત્રે રાખવાનું હોય તો પ્રૌઢ, ધીર, નિર્ભય શ્રાવકોએ જરા પણ ઊંઘ્યા વિના સતત જાગતાં રહીને મૃતકની ચોકી કરવી.

૮. જો ગૃહસ્થ હાજર ન હોય અને મૃતકને વોસિરાવતાં પહેલાં સાધુઓએ રાત્રે જાગવું પડે એમ હોય તો પ્રૌઢ અને નિર્ભય સાધુઓએ જાગતાં રહીને મૃતકની ચોકી કરવાની છે. નાની ઉંમરના સાધુઓએ મૃતક પાસે રહેવું-બેસવું નહિ.

૯. ઉંદર, બિલાડી વગેરે જીવો મૃતકથી દૂર રહે તે માટે મૃતક પાસે રાત્રે - ધૂપ દીપ રાખવા જરૂરી છે. દુર્ગંધ ટાળવા માટે પણ ધૂપ જરૂરી છે.

૧૦. મૃતક પાસે ઉંદર આવતો હોય તો ઝોળી, પાત્રી, લાડુને રાત્રે કબાટ આદિમાં સાચવી રાખીને સવારે મૃતક પાસે મુકાય.

૧૧. મૃતક વાસ મારવા લાગે તો મૃતક ઉપર સુગંધી સ્પ્રેનો છંટકાવ કરતાં રહેવું.

૧૨. વર્તમાનમાં મૃતક સંબંધી કર્તવ્ય બાબતમાં શ્રાવકો અજ્ઞાન હોય તો મૃતક પાસે રાત્રે શ્રાવકોની સાથે એક બે સાધુઓએ પણ જાગતાં રહેવું જરૂરી છે.

૧૩. બે ઘડીનો સમય વીતી ન જાય તે રીતે સાધુએ માતરાની કૂંડીમાં માતરું તૈયાર રાખવું.

જો કદાચ મૃતક ઊભું થાય તો, જમણા હાથમાં માતરાની કૂંડી લઈને સાધુએ

**'બુજ્ઝ બુજ્ઝ ગુજ્ઝગ ! મા મુજ્ઝ'**

[બોધ પામ, બોધ પામ હે ગુહ્યક ! (ભૂત, પલિત કે અન્ય વ્યંતરાદિ] મૂંઝાતો નહિ. અમે જાગ્રત છીએ માટે અહીંથી ચાલ્યો જા. આ ભાવાર્થ છે.]

આ પ્રમાણે મંત્ર બોલીને, સાધુનું મૃતક હોય તો સાધુનું માતરું અને સાધ્વીનું મૃતક હોય તો સાધ્વીનું માતરું (કાયિકી) મૃતક ઉપર ડાબા હાથે છાંટવું. આવી ઉચ્ચાટન ક્રિયા પવિત્ર એવા જમણા હાથે ન થાય, માટે જ ડાબા હાથે કરવાનું વિધાન છે.

મૃતક ઉપર માતરું છાંટવાનું કારણ એ છે કે, અશુદ્ધિ દ્રવ્યના છંટકાવથી, ઉપદ્રવ કરવા માટે મૃતકમાં પ્રવેશેલા વ્યંતરાદિ ભાગી જાય.

મૃતક ઉપર છાંટવા માટે માતરું સાધુ-સાધ્વીનું જ જોઈએ આમાં પવિત્ર ગોમૂત્ર ચાલે નહિ.

***વિશેષ નોંધ :***

૧. મૃતક બેઠું થયું હોય એવું નજીકના ભૂતકાળમાં ક્યારેય બન્યું નથી. મૃતક ઊભું થાય એવું લગભગ બનતું નથી, પરંતુ સંભાવના હોવાથી તૈયારી રખાય. માત્ર સાવધાની રૂપે આ શાસ્ત્રીય ઉપાય જણાવ્યો છે.

૨. પૂર્વે તો મુનિઓ દ્વારા જ મહાપારિઠ્ઠાવણિયાગારેણંની વિધિ કરાતી હતી. હવે એમાં જે પરિવર્તનો થયાં છે, એનું પરિમાર્જન ગીતાર્થો દ્વારા કરાય અને એક વિધિ નિશ્ચિત કરાય એ જરૂરી છે.

૩. **કાળધર્મ વિધિના લખાણમાં કેટલીક બાબતોમાં જ્યાં જેમ યોગ્ય લાગ્યું ત્યાં તેમ જણાવાયું છે. શાસ્ત્રીય સિવાયની અન્ય (વ્યાવહારિક) બાબતોમાં આગ્રહ સમજવો નહિ. વ્યાવહારિક બાબતોમાં જ્યાં જેમ રિવાજ હોય ત્યાં તેમ કરાય.**

## સાધુએ કરવાની મૃતકને વોસિરાવવાની વિધિ

૧. ગચ્છના વડીલ સાધુ અથવા બીજા કોઈ પણ એક વડીલ સાધુ મૃતક પાસે આવે અને ત્યાં મૌનપૂર્વક દાંડો અથવા કોઈ પણ ઉપકરણ થાપી ખમાસમણ દઈને મૌનપૂર્વક ઈરિયાવહિયં કરે અને (કાઉસ્સગ્ગ પારીને) નવકાર પ્રગટ બોલે. આ વિધિમાં સ્થાપનાચાર્ય રખાય નહિ.

૨. પછી હાથમાં વાસક્ષેપ લઈને મોટા અવાજે નીચે મુજબ બોલે.

૩. કોટિક ગણ, વયરી શાખા, ચાંદ્રકુળ, આચાર્ય શ્રી વિજય સિંહસૂરિજી (અથવા પોતાના સમુદાયના વર્તમાન વડીલ આચાર્યશ્રી - ગચ્છાધિપતિ)નું નામ બોલવું.

૪. ઉપાધ્યાયશ્રી સકલચંદ્રજી (અથવા પોતાના સમુદાયના વર્તમાન વડીલ ઉપાધ્યાયશ્રી)નું નામ બોલવું.

૫. પંન્યાસશ્રી સત્યવિજયજી ગણિ (અથવા પોતાના સમુદાયના વર્તમાન વડીલ પંન્યાસશ્રી)નું નામ બોલવું. (પંન્યાસશ્રીનું નામ બોલવાનો રિવાજ વર્તમાનમાં નથી.)

૬. અમુકના શિષ્ય અમુકશ્રી (મૃત સાધુનું નામ બોલવું) મુનિશ્રી ...... વિજયજી મહાપારિટ્ઠાવણિયાએ કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને પ્રગટ નવકાર કહેવો.

૭. પછી મૃત શરીર પર વાસક્ષેપ કરવાપૂર્વક ત્રણ વાર **'વોસિરે વોસિરે વોસિરે'** કહેવું.

૮. ઉપર મુજબ મૃતકને વોસિરાવવાની વિધિ કરીને મૃતક ગૃહસ્થો (શ્રાવકો)ને સોંપી દેવું. મૃતકને વોસિરાવ્યા પછીનું તમામ કામ શ્રાવકોએ જ કરવાનું હોય છે.

***વિશેષ નોંધ :*** મૃતકને વોસિરાવનાર સાધુ બીજા સમુદાયના હોય તો પણ એમણે કાળધર્મ પામનાર સાધુના સમુદાયના આચાર્યાદિકનાં જ નામ બોલવાં. પોતાના સમુદાયના આચાર્યાદિકનાં નામ બોલવાં નહિ.

❖❖❖❖❖

**જ્ઞાતે હ્યાત્મનિ ન ભૂયો, જ્ઞાતવ્યમવશિષ્યતે ।**
**અજ્ઞાતે પુનર્એતસ્મિન્, જ્ઞાતમન્યન્નિરર્થકમ્ ॥**

**અર્થ :** જેણે એક માત્ર પોતાના આત્માને જાણ્યો છે, તેને માટે આ જગતમાં જાણવા જેવું બીજું કાંઈ જ બાકી રહેતુ નથી.

દુનિયાદારીનું તમામ જ્ઞાન મેળવ્યું હોય, પણ એક માત્ર પોતાના આત્માને જાણ્યો ન હોય, તો દુનિયાદારીનું તમામ જ્ઞાન નિરર્થક છે.

# વિભાગ - ૩

## મૃતક સંબંધી શ્રાવકોએ કરવાની વિધિ

૧. મૃતકે જીવ છોડ્યો હોય તે જગ્યાએ લોટનો ✗ અવળો સાથિયો કરવો.

૨. મૃતકે જે સ્થાનમાં જીવ છોડ્યો હોય, મૃતકના સંથારાવાળાં તે સ્થાનને, તેમજ મૃતકને જે જે સ્થાનમાં પધરાવેલ હોય તે તે સ્થાનને, અચિત્ત જળમાં નાખેલા સોનાના (૦ાા પાનું) વરખવાળા કે સોનાનું ઘરેણું બોળેલા પાણીથી ધોઈને પવિત્ર કરાય. શ્રાવકોચિતકાર્યો સાધુનાં માર્ગદર્શન મુજબ થાય.

૩. જે ઉપધિ જીવ જાય ત્યાં સુધી મૃતકને અડેલી રહી હોય એમાંથી સંથારિયું, કામળી વગેરે ઊનની વસ્તુઓ ઉપર ગોમૂત્ર કે સોનાવાણી છાંટીને પણ પવિત્ર કરાય. આમ પવિત્ર કરેલાં ઊનનાં વસ્ત્રો સાધુ વાપરી શકે છે. મૃતકનાં ઊનનાં વસ્ત્રો પરઠવાતાં નથી, પણ ગોમૂત્રનાં છાંટણાં કરીને કાળધર્મ પામનારની યાદગીરી રૂપે પણ સાધુ સાચવીને રાખી શકે છે.

૪. મૃતક પરની સુતરાઉ ઉપધિને શ્રાવક ઉષ્ણ એવા અચિત્ત જળમાં પલાળીને સૂકવે. આવા જળનો જોગ ન હોય તો સુતરાઉ વસ્ત્રોને પણ ગોમૂત્ર છાંટીને પવિત્ર કરાય. પલાળેલાં વસ્ત્રો સુકાયા બાદ તે બધાં વસ્ત્રો સાધુ પરઠવી દે. એ વસ્ત્રો સાધુ પહેરવાં ન લે.

૫. મહાપુરુષોનો ઓઘો, મુહપત્તી, ઊનનાં વસ્ત્રો એમની સ્મૃતિરૂપે સાચવીને રખાય. ઓઘો પરઠવાય નહિ.

૬. મૃતકના વીંટિયા વગેરેમાં નવાં વસ્ત્રો હોય તે અન્ય સાધુઓ પોતાના ઉપયોગમાં લઈ શકે છે.

૭. શ્રાવકો હાજર ન હોય તો શ્રાવકોએ કરવા યોગ્ય ઉપરનાં સર્વ કાર્યો જયણાપૂર્વક સાધુઓ કરી શકે છે.

૮. મૃતકને વોસિરાવવાની વિધિ કરનાર સાધુ દૂરના બીજા સ્થાનમાંથી આવનાર હોય અને એમને આવતાં વાર લાગે તેમ હોય તો ઉપરનાં બધાં કામ મૃતકને વોસિરાવતાં પહેલાં કરવા યોગ્ય છે.

૯. ગૃહસ્થો મૃતકને લઈ જાય ત્યાર બાદ આખા મકાનને ગોમૂત્ર છાંટીને પવિત્ર કરાય.

## સાધુએ કરવાની અવળા દેવવંદનની વિધિ

નીચેની વિધિ શ્રાવકો મૃતકને લઈ ગયા પછી તરત જ કરવાની છે.

૧. શ્રાવકો મૃતકને લઈ ગયા પછી કાળધર્મ પામનાર સાધુના શિષ્ય અથવા સૌથી ઓછા - લઘુ પર્યાયવાળા સાધુ અવળો વેશ પહેરે, ઓઘો જમણી બગલમાં રાખે અને મુહપત્તી ડાબા હાથમાં રાખે.

૨. પછી દ્વાર તરફથી સ્થાપનાચાર્ય તરફ અંદરની બાજુએ આસન તરફ અવળો કાજો લે અને એ કાજામાં લોટનો સાથિયો પણ લઈ લે.

૩. કાજો પરઠવીને ઇરિયાવહિયં કરે, પછી નીચે મુજબ અવળી વિધિથી દેવવંદન કરે.

૧. સૌપ્રથમ કલ્લાણકંદંની પહેલી થોય કહેવી.

૨. પછી એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો.

૩. પછી અન્નત્થ કહી અરિહંત ચેઇઆણં કહેવું.

૪. પછી જયવીયરાય, ઉવસગ્ગહરં, નમોર્હત્, જાવંત કે વિ સાહૂ, ખમાસમણ, જાવંતિ ચેઈઆઈ, નમુત્થુણં, જં કિંચિ, પાર્શ્વનાથનું ચૈત્યવંદન સકલકુશલવલ્લી, કહેવું આમ અવળા ક્રમ મુજબ બોલી, ખમાસમણ દઈને લોગસ્સ કહેવો. પછી ચંદેસુ નિમ્મલ-યરા સુધી એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. પછી અન્નત્થ, તસ્સ ઉત્તરી કહી ઇરિયાવહિયં કહીને ખમાસમણ દેવું.

૫. છેવટે અવિધિ આશાતના '**મિચ્છા મિ દુક્કડં**' કહીને સવળો વેશ પહેરી લેવો.

૬. પછી મકાનમાં ગોમૂત્ર છાંટી, સૌએ સાથે મળીને, સવળા દેવવંદનની વિધિ કરવી.

**મૃતક સંબંધી શ્રાવકોચિત કર્તવ્ય :**

૧. સાધુ મૃતકને વોસિરાવીને શ્રાવકોને સોંપે ત્યાર બાદ શ્રાવક હજામને બોલાવીને, લોકવ્યવહાર મુજબ પ્રથમ મૃતકના દાઢીમૂછનું અને પછી મસ્તકનું મૂંડન કરાવે.

૨. પછી મૃતકને બેસાડીને સારી રીતે સ્નાન કરાવી શકાય એવાં ત્રાંસ-પરાંત-કથરોટ કે થાળ જેવા મોટાં વાસણમાં મૃતકને બેસાડીને એને કાચા-સચિત્ત જળથી સ્નાન કરાવે.

***વિશેષ નોંધ :*** વર્તમાનમાં મૃતકને સ્નાન કરાવે ત્યારે જ મૃત શરીર પરનાં વસ્ત્રો દૂર કરાય છે.

૩. પછી મૃતકનું શરીર નવાં સુંવાળાં વસ્ત્રથી લૂછવું.

૪. પછી મૃતકના હાથ-પગના આંગળા સૂતરથી બાંધવા.

૫. પછી મૃતકને કેસરનાં છાંટણાં કરેલો ૨॥ હાથનો નવો ચોલપટ્ટો (કમર પર પહેરાવવાનું ૩૬ ઈંચ પનાનું સુતરાઉ પોપલીન વસ્ત્ર) સવળો પહેરાવીને એની ઉપર કંદોરો બાંધવો.

૬. પછી સુખડ - બરાસ - કેસરથી મૃતક શરીર પર વિલેપન કરવું.

૭. પછી પાંગરણી (૪૫ ઈંચ પનાનું મલમલનું વસ્ત્ર) (રિવાજ હોય તો) કેસરનાં છાંટણાંવાળી પહેરાવવી.

***વિશેષ નોંધ :*** સૌથી ઉપરના ૬૦ ઈંચ પનાના મલમલના મોટા કપડા સિવાયના, નીચેના ચોલપટ્ટો વગેરે વસ્ત્રોને માત્ર કેસરનાં છાંટણાં કરવાં. છાંટણાં પૂર્વે જ કરી રાખવાં.

૮. પછી ચાર છેડે ચાર અને મધ્યમાં એક (કુલ ૫) કેસરના卐 અવળા સાથિયા કરેલો ૩॥ હાથનો નવો કપડો

(છાતીથી પગની પાની સુધીનું મલમલનું મોટું ૬૦ ઈંચ પનાનું વસ્ત્ર) પહેરાવવું.

૯. પાલખી (માંડવી) હોય તો એમાં મૃતકને બેસાડવાની જગ્યાએ લોટનો x અવળો સાથિયો કરીને આસન કે સંથારિયું પાથરીને એની ઉપર મૃતકને બેસાડવું અને શરીરને પાલખી સાથે સૂતરથી કે સફેદ નાડાદોરીથી સારી રીતે બાંધવું. મૃતકને પાલખી સાથે બાંધવા માટે કપડાની પટીઓ વધુ અનુકૂળ પડે છે.

૧૦. નનામી હોય તો એની ઉપર કેસરનાં છાંટણાં કરેલું સંથારિયું પાથરવું, પછી એની ઉપર કેસરનાં છાંટણાં કરેલો મજબૂત કપડાનો ઉત્તરપટ્ટો (ઓછાડ) પાથરીને એની ઉપર વચ્ચેના ભાગમાં લોટનો x અવળો સાથિયો કરવો અને એની ઉપર મૃતકને સુવડાવવું.

૧૧. બોલી લેનારા, મૃતકને પાલખીમાં કે નનામીમાં પધરાવે.

૧૨. મૃતકનાં મુખ-નાક-કાનમાં રૂ નાખવું, જેથી એમાં જીવાત પ્રવેશે નહિ અને મરે નહિ, જયણા પળાય.

૧૩. પાલખીમાં કે નનામીમાં મૃતકની જમણી બાજુએ ઓઘાને બદલે ખંડિત કર્યા વગરની ચરવળી મૂકવી અને સાથિયાવાળી કે કેસરનાં છાંટણાંવાળી મુહપત્તી મૂકવી.

**વિશેષ નોંધ :** મૃતકના મુખ ઉપર મુહપત્તી બાંધવી જરૂરી નથી. મોઢું ખુલ્લું રહેતું હોય કે વિકૃત દેખાતું હોય અને મુખમાં રૂ ભરાવવાથી ચાલે તેમ ન હોય અને જયણા માટે મુહપત્તી બાંધવી જ પડે એમ હોય તો જ નિરુપાયે મુહપત્તી બાંધવી. મૃતકનાં મુખ ઉપર મુહપત્તી બાંધવાની વિધિ નથી. વિના કારણ મુહપત્તી બાંધવી નહિ.

૧૪. મૃતકની ડાબી બાજુએ ખંડિત પાત્રમાં લાડુ સહિતની કેસરનાં છાંટણાંવાળી ઝોળી મૂકવી.

૧૫. સાધુ જે સમયે કાળધર્મ પામ્યા હોય તે સમયનું નક્ષત્ર પંચાંગમાં જોઈને અથવા બ્રાહ્મણને પૂછીને જાણવું. 'ગુજરાત સમાચાર' વગેરે છાપાંઓમાં પણ રોજનું નક્ષત્ર છપાય છે.

૧૬. **'રોહિણી, વિશાખા, પુનર્વસુ, ઉત્તરાષાઢા, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાભાદ્રપદ'** આ ૬માંનું કોઈ એક નક્ષાત્ર હોય તો સૂકાં ઘાસનાં બે પૂતળાં બનાવીને મૃતક પાસે મૂકવાં. ઊભી સાવરણીના બે ભાગ કરીને પણ પૂતળાં બનાવાય છે.

૧૭. **'જ્યેષ્ઠા, આર્દ્રા, સ્વાતિ, શતભિષક, ભરણી, આશ્લેષા, અભિજિત'** આ સાતમાંનું કોઈ એક નક્ષત્ર હોય તો પૂતળું મૂકવું નહિ.

૧૮. ઉપર જણાવેલાં (૬+૭) તેરમાંનું કોઈ નક્ષત્ર ન હોય, પણ તે સિવાયનાં ૧૫ નક્ષત્રમાંનું કોઈ એક નક્ષત્ર હોય તો એક પૂતળું બનાવીને મૃતકની પાસે મૂકવું.

૧૯. પંચક હોય તો પાંચ પૂતળાં બનાવવાં, કારણકે પંચકમાં પાંચ નક્ષત્રો જ આવે છે.

***વિશેષ નોંધ :*** પંચકમાં પાંચ પૂતળાં મૂકવાં જરૂરી છે. પંચકમાં પાંચ પૂતળાં ન મુકાય તો પાંચ મહાત્મા કાળધર્મ પામે એવી માન્યતા હોવાથી પંચકમાં પાંચ પૂતળાં મૂકવાની પ્રથા યોગ્ય જ છે. આમાં પૂતળાં બળતાં હોવા છતાં આશય જીવદયાનો જ હોવાથી દોષ નથી.

૨૦. પ્રત્યેક પૂતળાની જમણી બાજુ એક ચરવળી, એક મુહપત્તી અને ડાબી બાજુ ફૂટેલાં કે ખંડિત કરેલાં પાત્રમાં લાડુ સાથેની ઝોળી મૂકવી.

***વિશેષ નોંધ :*** મુહપત્તી ઉપર X અવળો સાથિયો કરાય છે, તો કેટલાક માત્ર કેસરનાં છાંટણાં કરે છે. રિવાજ મુજબ કરાય.

૨૧. નનામી હોય તો સારો મજબૂત એવો ત્રીજો કપડો પાથરીને પૂતળાં સહિત બધી વસ્તુ મૃતકની પાસે મૂકીને, એમાં મૃતકને સુવાડીને કપડાના બધા છેડા બરાબર વીંટાળી દેવા. આ કપડાથી સાધુના મૃતકના મસ્તક સિવાયનાં અને સાધ્વીનાં મૃતકનાં મુખ સિવાયનાં સર્વ અંગો સારી રીતે ઢાંકવાં.

***વિશેષ નોંધ :*** મૃતકને સાધુ-સાધ્વીનાં વસ્ત્રો જ પહેરાવાય. જરિયાન વસ્ત્ર ઓઢાડાય નહિ.

૨૨. મૃતકને નનામી સાથે સારી રીતે બાંધવું અને એની ઉપર વાસક્ષેપ કરવો.

***વિશેષ નોંધ :*** જ્યાં સુધી ગૃહસ્થો પાલખી ઉપાડીને બહાર લઈ જાય નહિ ત્યાં સુધી પાલખી સમક્ષ ત્રાંબા કૂંડી મુકાય છે. ભક્તો એમાં પૈસા નાખે એવો રિવાજ છે. આ પૈસા સ્મશાનયાત્રાના માર્ગમાં ઉછાળવામાં વપરાય છે. ક્યારેક જીવદયા માટે એક બીજી કૂંડી પણ મુકાય છે. આ રકમ માત્ર જીવદયામાં વપરાય છે.

૨૩. પાલખીને જરિયાન વસ્ત્રથી સારી રીતે શણગારવી અને યોગ્ય સમયે ઉપાડીને લઈ જવી.

૨૪. ***વિશેષ નોંધ :*** મૃતકને અગાઉ કરેલી વાસક્ષેપની પૂજા રહેતી હોય છે, માટે મૃતકને લઈ જવાય ત્યારે ફરી વાસક્ષેપ કરવો જરૂરી નથી.

૨૫. નનામી હોય તો આગળ એટલે મકાનના દ્વાર તરફ પગ રહે અને માથું પાછળ રહે એ રીતે ઉપાડીને લઈ જવી.

૨૬. પાલખી કે નનામીને શોકપૂર્ણ હૃદયે, રુદન કર્યા વિના મહોત્સવપૂર્વક વાજિંત્રોના નાદ સાથે અને '**જય જય નંદા, જય જય ભદ્દા**'ના ઘોષપૂર્વક લઈ જવાય.

૨૭. ત્રાંબાની દોણીની બહારની નીચેની બાજુ માટીથી લીંપવી. એ દોણીમાં અગ્નિ (સળગતું છાણું) મૂકીને એ દોણી હાથમાં લઈને એક શ્રાવક પાલખી કે નનામીની આગળ (પૂર્વે) ચાલે. દોણી માટીની પણ ચાલે.

***વિશેષ નોંધ :*** હાલમાં સંસારી લોકોની વિધિમાં તથા સજ્ઝાયમાં ઉલ્લેખ છે, તે પ્રમાણે દોણીને પાલખી પૂર્વે રાખવા જણાવ્યું છે.

૨૮. વાંસના ઉપરના ભાગને ચિરાવી, ચાર ફાડિયાં કરાવવાં. આવા ચાર વાંસ તૈયાર કરાવીને તે દરેક વાંસમાં એક એક વાટકો કે લોટી મૂકીને એમાં કન્દ્રૂપ કે દશાંગધૂપ નાખીને ધૂપ કરવો. એ ધૂપ (મતાંતરે દીવા) લઈને પાલખી કે નનામીની પૂર્વે કે આજુબાજુ ચાલવું. પાલિતાણામાં બે ધૂપિયાં રાખે છે અને તે પાલખીની પાછળ ચાલે છે. જ્યાં જેવો રિવાજ હોય ત્યાં તેમ કરાય.

૨૯. શ્રાવકોએ '**જય જય નંદા, જય જય ભદ્દા**' બોલતાં બોલતાં ધીમે ધીમે જયણાપૂર્વક પાલખી કે નનામીની પાછળ ચાલવું. સાધુ-સાધ્વીની સ્મશાનયાત્રામાં શ્રાવકોએ '**જય જય નંદા, જય જય ભદ્દા**' સિવાય બીજું કાંઈ પણ બોલાય નહિ.

૩૦. સ્મશાનયાત્રાના માર્ગમાં ઊંટગાડીમાં બેસીને અનુકંપાદાન અને કૂતરાંને લાડુ અપાય છે. ઊંટગાડી છેલ્લે રખાય છે.

૩૧. શાસનની પ્રભાવના થાય એ રીતે પાલખી-નનામીને અગ્નિદાહ માટે નક્કી કરાયેલી ખેતર વગેરેની જીવરહિત ભૂમિમાં લઈ જવી અને શુદ્ધ કરેલી ભૂમિ પર પાલખી મૂકવી.

૩૨. પૂંજણીથી અગ્નિસંસ્કાર માટેની ભૂમિની અને અગ્નિસંસ્કાર માટેનાં કાષ્ઠની સારી રીતે પ્રમાર્જના કરીને, એને સર્વથા જીવરહિત કરાય. જ્યાં સુધી ચિતાનો તાપ લાગે તેમ હોય ત્યાં સુધીની ભૂમિને નિર્જીવ કરીને જયણા ધર્મનું પાલન સારી રીતે કરવું.

૩૩. પાલખી હોય તો મૃતકનું મુખ ગામ તરફ રાખીને અગ્નિસંસ્કાર કરાય અને નનામી હોય તો ગામ બહાર ગયા પછી મૃતકના પગ નગર તરફ રહે અને માથુ પાછળ રહે એવી રીતે નનામીને ફેરવી નાખીને અગ્નિ-સંસ્કાર કરાય.

૩૪. ચરવળી, પાતરાં વગેરે ચારિત્રનાં ઉપકરણોનો અગ્નિસંસ્કાર પણ મૃતકની સાથે કરાય.

**વિશેષ નોંધ :** મૃતક પરનું વસ્ત્ર તથા લોટી-વાટકી લેવા માટે ભક્તોમાં પડાપડી થાય છે, તેથી ક્યારેક મૃતક પડી જાય એવી સ્થિતિ થાય છે. એવું ન બને તે માટે ભક્તોને સમજાવવું જોઈએ.

૩૫. ચંદન વગેરેના ઉત્તમ કાષ્ઠમાં ગાયનું ઘી, રાળ, ટોપરાં વગેરે નાખવાપૂર્વક અગ્નિસંસ્કાર કરવો.

૩૬. મૃતકની સંપૂર્ણ રાખ થયા પછી એ પવિત્ર રાખને અશુચિ વગરનાં, પવિત્ર અને નિરવદ્ય એવાં યોગ્ય સ્થાને પરઠવવી, જેથી એની આશાતના ન થાય. એ પવિત્ર રાખને નદી વગેરે જળાશયોમાં પધરાવાય નહિ.

૩૭. ઉપરનાં સર્વ કાર્યો સારી રીતે જયણા પળાય, જીવરક્ષા થાય અને શાસનની પ્રભાવના થાય એવી રીતે કરવા જોઈએ.

૩૮. અગ્નિદાહ સંબંધી સર્વ કાર્યો પતાવીને શ્રાવકો પવિત્ર થઈને ઉપાશ્રયમાં આવે.

૩૯. સંયમી જીવનને કારણે ગુરુનો મૃતદેહ પવિત્ર મનાય છે, માટે શ્રાવકોએ પૂર્ણસ્નાન કરવું જરૂરી નથી. હાલમાં પૂર્ણસ્નાન કરવાનો રિવાજ પણ નથી. ગુરુના કારણે નહિ, પણ સ્મશાનની અપવિત્ર ભૂમિના કારણે હાથપગ ધોવાદિ કરવું પડતું હોય છે.

૪૦. શ્રાવકો ઉપાશ્રયમાં આવીને ગુરુમુખે નાની શાંતિ કે મોટી શાંતિ સાંભળે. પ્રથમ નવકાર પછી ઉવસગ્ગહરં પછી નાની કે મોટી કોઈ પણ એક શાંતિ સાંભળવી એવો રિવાજ પણ છે.

૪૧. પછી કાળધર્મ પામેલા સાધુના ગુણ, એમની સંયમ જીવનની આરાધના, મૃત્યુ સમયની એમની સમાધિનો અને સંસારની અસારતા-અનિત્યતાનો સદુપદેશ ગુરુમુખે સાંભળીને ઉપકારી ગુરુદેવનો વિયોગ થયાનું દુઃખ હૃદયમાં ધારણ કરે.

૪૨. કાળધર્મ નિમિત્તે યથાશક્તિ મહોત્સવ કરે અને એમાં શાંતિસ્નાત્ર આદિ ભણાવે.

૪૩. માનવભવની દુર્લભતા અને જૈનશાસનની મહત્તા વિચારી કૃતજ્ઞભાવે આરાધનામાં સવિશેષ ઉજમાળ બને.

## સ્મશાનયાત્રા ક્રમ

૧. બેન્ડવાજાં અથવા ઢોલ-શરણાઈ
૨. સળગતા અગ્નિવાળી દોણી
૩. પાલખી કે નનામી
૪. ચાર ધૂપિયાં પાલખીની આગળ-પાછળ કે આજુબાજુ રિવાજ મુજબ
૫. શ્રાવક સમુદાય
૬. અનુકંપાદાન

## શ્રાવકો મૃતકને લઈ જાય પછી તરતજ જ્યાં કાળધર્મ થયો હોય ત્યાં નાણ સમક્ષ દેવવંદન કરાય છે.

૧. દેવવંદન કરતાં પહેલાં ઉપાશ્રયમાં સર્વત્ર ગોમૂત્ર અને સોનાવાણી જળ છાંટીને મકાનને પવિત્ર કરવું.

૨. સર્વ સાધુઓએ ૧. ચોલપટ્ટાનો છેડો, ૨. મુહપત્તીનો છેડો, ૩. કંદોરાનો છેડો, ૪. ઓઘાના ઉપરના દોરાનો છેડો, ૫. ઓઘાની બે દશીના છેડા - એમ કુલ પાંચ વસ્તુઓને ગોમૂત્રમાં અને સોનાવાણી અચિત્ત જળમાં બોળીને પવિત્ર કરવી.

૩. પછી નાણ સમક્ષ દેવવંદન કરવા માટે દેરાસરમાંથી ત્રિગડું મંગાવીને ઉપાશ્રયમાં પધરાવવું.

૪. સિંહાસન ઉપર ચારેય દિશામાં ચાર પ્રતિમાજી પધરાવવાં અથવા ચતુર્મુખ (ચૌમુખ) બિંબ પધરાવવું.

૫. પ્રભુજીને ઢાંકવા માટે અંગલૂછણાં મંગાવવાં.

૬. પ્રતિમાજી નીચે કેસરનો સવળો સાથિયો કરવો.

૭. નાણ (નંદી)ની ચારેય બાજુ એક-એક એમ ઘીના ચાર દીવા કરવા. એક દીવો વધારાનો પણ પ્રભુજી પાસે રાખવો. કદાચ કોઈ એક દીવો બુઝાઈ જાય તો વાંધો ન આવે.

૮. ચોખા ૧। કિલો લાવવા, નાણની નીચે એક અને નાણની ચારેય બાજુ એક-એક એમ કુલ પાંચ સાથિયા ચોખાના કરવા.

૯. એ પાંચેય સાથિયા ઉપર એક-એક શ્રીફળ પધરાવવું. દરેક શ્રીફળ ઉપર ૧। રૂપિયો મૂકવો.

૧૦. ધૂપનું પેકેટ-૧ તથા દીવાસળીની પેટી (બાકસ) લાવવું.

***વિશેષ નોંધ :*** ઘી, ચોખા, શ્રીફળ, ધૂપ વગેરે વસ્તુઓ શ્રાવકો પોતાની લાવે. ત્રિગડું વગેરે જે વસ્તુ દેરાસરમાંથી મંગાવાય એને માટેની યોગ્ય રકમ દેરાસરના સાધારણ ખાતે અપાય એ જરૂરી છે.

સાધુ કાળધર્મ પામ્યા હોય તો સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા સ્વરૂપ ચતુર્વિધ સંઘે દેવવંદન કરવું.

સાધ્વીજી કાળધર્મ પામ્યા હોય તો ત્યાં રહેલાં સર્વ સાધ્વીજીઓએ અને શ્રાવિકાઓએ દેવવંદન કરવું.

સ્વસમુદાયના સાધુના કાળધર્મના સમાચાર ગામના કોઈ પણ સ્થાનેથી કે બહારગામથી આવે તો ચતુર્વિધ સંઘે મળીને સ્થાપનાચાર્યજી સમક્ષ દેવવંદન કરવું.

## દેવવંદન વિધિ

૧. ખમાસમણ દઈ ઈરિયાવહિયં કરીને સકલ સંઘ સાથે દેવવંદનનો આરંભ કરવો.

૨. સમુદાયના રિવાજ મુજબ એમાંનાં બે ચૈત્યવંદનો પાર્શ્વનાથનાં કહેવાં અને ત્રીજું ચૈત્યવંદન શાંતિનાથનું કહેવું.

૩. પ્રથમ સંસારદાવાનલની ચાર થોય રાગ વિના કહેવી.

૪. પછી સ્નાતસ્યાની ચાર થોય રાગ વિના કહેવી.

૫. સ્તવનના સ્થાને રાગ વિના અજિતશાંતિ કહેવી.

ઉપર મુજબ દેવવંદન કર્યા પછી -

૬. ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
ક્ષુદ્રોપદ્રવ ઓહડાવણત્થં કાઉસ્સગ્ગ કરું ? ઈચ્છં.
ક્ષુદ્રોપદ્રવ ઓહડાવણત્થં કરેમિ કાઉસ્સગ્ગં કહી,
અન્નત્થ બોલીને સાગરવરગંભીરા સુધીનો
ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.

૭. કાઉસ્સગ્ગ પારીને વડીલ સાધુ નમોર્હત્ કહીને,

**સર્વે યક્ષામ્બિકાદ્યા યે, વૈયાવૃત્યકરા જિને ।** (સુરાઃ પાઠાં૦)
**ક્ષુદ્રોપદ્રવસંઘાતં, તે દ્રુતં દ્રાવયન્તુ નઃ ॥**

ઉપર મુજબ સ્તુતિ બોલી રહ્યા પછી તરત કાઉસ્સગ્ગ પારીને આદેશ મેળવનાર સાધુ મોટી શાંતિ બોલે.

૮. પછી દેવવંદન કરનારા સર્વ કાઉસ્સગ્ગ પારે. પછી પ્રગટ લોગસ્સ બોલી ખમાસણ દઈ સર્વેએ **'અવિધિ આશાતના મિચ્છા મિ દુક્કડં'** કહેવું.

૯. પછી સર્વ સાધુઓએ નાના-મોટાના ક્રમાનુસાર વંદન કરવું.

૧૦. વંદન બાદ વડીલ પોતે અથવા વડીલ જેને આદેશ કરે તે સાધુ કાળધર્મ પામનાર સાધુના ગુણાનુવાદ કરે અને હિતશિક્ષા ફરમાવે.

***વિશેષ નોંધ : ચૈત્યવંદનના જુદા જુદા રિવાજ***

૧. કેટલેક ઠેકાણે પહેલું ચૈત્યવંદન પાર્શ્વનાથનુ, બીજું ચૈત્યવંદન શાંતિનાથનું, ત્રીજું ચૈત્યવંદન મહાવીરસ્વામીનું અથવા કોઈ પણ તીર્થંકરનું બોલાય છે.

૨. ક્યાંક ત્રણેય ચૈત્યવંદનો જુદાં જુદાં પણ બોલાય છે.

૩. ક્યાંક ત્રણેય ચૈત્યવંદનો પાર્શ્વનાથનાં જ બોલાય છે.

૪. ક્યાંક પહેલાં બે ચૈત્યવંદન પાર્શ્વનાથનાં બોલાય છે અને ત્રીજું કોઈ પણ બોલાય છે.

૫. પ્રથમ બે ચૈત્યવંદન પાર્શ્વનાથનાં અને ત્રીજું ચૈત્યવંદન શાંતિનાથનું. સ્વ૦ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની હાજરીમાં આમ બોલાતું હતું.

## (૧) અનિત્યતાનો ઉપદેશ

મરના મરના ક્યા કરે, મરના સબકુ હોય ।
મરના એસા કીજિયે, ફીર મરના ન હોય ॥૧॥

જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુઃ । જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે. પરમ પુણ્યોદયે માનવ જન્મ પામીને મળેલી સર્વોત્તમ સામગ્રી દ્વારા, જેમણે શક્તિને ગોપવ્યા વિના-યથાશક્તિ પરમતારક પરમાત્માની આજ્ઞા મુજબ સંયમજીવનની સાધના કરીને સમાધિમરણ પ્રાપ્ત કર્યું છે, એવા પુણ્યાત્માઓનો દુઃખના કારણભૂત એવો જન્મ સફળ બને છે. જેમનું સ્મરણ જગતના જીવોને માટે આલંબનભૂત બને છે, એમનું મરણ થતું જ નથી.

આવાં આત્મકલ્યાણકારી નિમિત્તોને પામીને આપણે સૌ પણ આપણા આ દુર્લભ માનવજીવનને સફળ બનાવવા ઉદ્યમશીલ બનીએ.

## (૨) અનિત્યતાનો સદુપદેશ

શાસ્ત્રકારો ફરમાવે છે કે જેનો જન્મ એનું મૃત્યુ નિશ્ચિત છે. સંસારરાગી અજ્ઞાન આત્માઓ મૃત્યુથી ભય પામે છે, જ્યારે જ્ઞાનીઓ જન્મથી ડરે છે. જન્મની પાછળ મૃત્યુ અવશ્યંભાવી છે.

જન્મ એ ગુનો છે અને મૃત્યુ એની સજા છે. સજા ન જ ભોગવવી હોય તો ગુના સ્વરૂપ જન્મથી જ રહિત બનવાનો પ્રયત્ન કરવો જોઈએ. પરમ પુણ્યોદયે આપણને મહામૂલો માનવભવ મળવા સાથે જિનશાસન પણ મળ્યું છે. તો એની સફળતા સર્વવિરતિ ધર્મની આરાધનામાં જ છે, કારણ કે માનવભવ સિવાય સર્વવિરતિ ધર્મની આરાધના કરી શકાતી નથી. સર્વવિરતિ ધર્મની આરાધના વિના જન્મ-મરણના ફેરા ટળતા નથી અને આત્માનો મોક્ષ થતો નથી. આત્માનો મોક્ષ ન થાય ત્યાં સુધી જન્મ-મરણથી છૂટી શકાતું નથી. રત્નત્રયીની આરાધના જન્મ-મરણથી છૂટવાના ધ્યેયપૂર્વક જ કરવાની છે. આપણે રત્નત્રયીની આરાધનામાં ઉજમાળ બનીએ અને માનવ જન્મને સફળ કરીએ.

## (૩) અનિત્યતાનો ઉપદેશ

અનિત્યાનિ શરીરાણિ, વિભવો નૈવ શાશ્વતઃ ।
નિત્યં સંનિહિતો મૃત્યુઃ, કર્તવ્યો ધર્મસંગ્રહઃ ।।૧।।

જન્મ-મરણાદિનાં દુઃખોથી ભરેલા આ સંસારમાં પ્રાણિમાત્રને મરવાનું જ છે. જન્મેલાનું મૃત્યુ સુનિશ્ચિત છે, જ્યાં સુધી આપણા

આત્માનો મોક્ષ થાય નહી ત્યાં સુધી મરણનું દુઃખ રહેવાનું જ છે. મરણને ટાળવાનો એક માત્ર ઉપાય જન્મને ટાળવો એજ છે.

અનંતજ્ઞાનીઓએ જન્મને અને એના યોગે આવતાં મરણને ટાળવા માટે જ આ સર્વવિરતિ ધર્મ ઉપદેશ્યો છે. સર્વવિરતિ ધર્મની આરાધના વિના જન્મ-મરણાદિ દુઃખોથી ભરેલા આ સંસારથી મુક્ત થવાનું શક્ય જ નથી.

આ જીવન અસ્થિર છે, ક્ષણિક છે. એને ટકાવવાનો પ્રયત્ન નકામો છે, એમ સમજીને આપણે સૌએ ધર્મની આરાધનામાં જ ઉદ્યમશીલ બનવું જોઈએ.

**૪. પરમોપકારી શાસ્ત્રકાર મહાપુરુષો ફરમાવે છે કે :**

જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત જ છે. સંસારરાગી આત્માઓ મૃત્યુથી ડરે છે, જ્યારે વિરાગી આત્માઓ જન્મથી ડરે છે. જન્મની પાછળ મૃત્યુ સુનિશ્ચિત છે. જન્મ એ ગુનો છે અને મૃત્યુ એની સજા છે. મૃત્યુરૂપી સજાથી બચવું હોય તો અજન્મા અર્થાત્ જન્મરહિત બનવાનો જ પ્રયત્ન કરવો જોઈએ.

પરમપુણ્યોદયે આપણને જૈનકુળ અને જૈનશાસન સહિતનો મહામૂલો માનવભવ મળ્યો છે, તો એની સફળતા શક્તિ ગોપવ્યા વિના જિનાજ્ઞાનુસાર સંયમ જીવનની સાધના કરીને સમાધિમરણ પામવામાં જ છે. એથી દુઃખના કારણભૂત એવો આ જન્મ પણ સફળ બને છે. આપણને મળેલા મહામૂલા માનવભવની સફળતા

ચારિત્રધર્મની આરાધનામાં જ છે, કારણકે માનવભવ સિવાય ચારિત્ર મળતું નથી. ચારિત્રની સાધના વિના જન્મ-મરણના ફેરા ટળતા નથી. આત્માની મુક્તિ થતી નથી. જેમનું સ્મરણ જગતના જીવોને આલંબનભૂત બને છે, એમનું મરણ થતું નથી. આજનાં જેવાં નિમિત્તોને પામીને આપણે સૌ પરમ પુણ્યોદયે મળેલા માનવભવને સફળ બનાવવા ઉદ્યમશીલ બનીએ એજ શુભાભિલાષા !

❖❖❖❖❖

**સ્મશાનયાત્રા સંબંધી હિતકર મર્યાદા :**

***મર્યાદાનું મહત્વ :*** સ્ત્રી-પુરુષના આ લોક-પરલોકને સુખશાંતિમય બનાવી, આત્માને મોક્ષમાર્ગમાં આગળ વધારે એવી સ્વ-પર હિતકર આચરણા એનું જ નામ મર્યાદા છે. મર્યાદા પાલન જ સ્વ-પર હિતકર છે. મર્યાદાભંગ સ્વ-પર અહિતકર છે.

સ્ત્રી ઘરમાં રહીને ઘરવ્યવહાર સંભાળે અને પુરુષ બહારની દુનિયાનો વ્યવહાર સંભાળે, આ જાતની આર્યસંસ્કૃતિની વ્યવસ્થા સ્ત્રી-પુરુષ ઉભયના શીલ-સદાચારના રક્ષણ માટેની જ છે.

સ્ત્રી ઘરનો અને લાજ-મર્યાદાનો ત્યાગ કરી દઈને, બહારની દુનિયામાં પ્રવેશે તો એનાં શીલ-સદાચારનો નાશ થયા વિના રહે જ નહિ.

સ્ત્રીનાં શીલ-સદાચારના નાશથી એના જીવનની સુખશાંતિ હણાવા સાથે એનો આ લોક પણ બગડે અને પરલોક પણ બગડે.

આ જમાનો આર્યસંસ્કૃતિની હિતકર મર્યાદાઓને તોડનારો તેમજ પાપ અને દુઃખ વધારનારો છે.

જૈનકુળમાં જન્મેલી અને જિનશાસનને પામેલી મોક્ષાભિલાષી કુલીન સ્ત્રીઓથી, પાપ અને દુઃખ વધારનારા અને ભવમાં ભટકાવનારા એવા આ જમાનાના નામે કે અન્ય કોઈપણ કારણે, કોઈ પણ સંજોગમાં શીલ-સદાચારનું રક્ષણ કરનારી હિતકર મર્યાદાનો ભંગ કરીને સ્મશાનયાત્રામાં જોડાવાની અને સ્મશાનમાં આવીને અગ્નિદાહ કરવાની વાત કરી શકાય જ નહિ.

હાલમાં શ્રાવક-શ્રાવિકાની સ્મશાનયાત્રામાં પણ સ્ત્રીઓએ નહિ જવાની મર્યાદા છે. આ હિતકર મર્યાદાનું પાલન જ્યારે સાંસારિક પ્રસંગે કરાતું હોય ત્યારે સાધુ-સાધ્વીની સ્મશાનયાત્રાના ધાર્મિક પ્રસંગે તો વિશેષ પ્રકારે કરવા યોગ્ય હોય જ. જે કાળમાં સ્ત્રીઓ ઘરમાં અને લાજ-મર્યાદામાં જ રહેનારી હોય છે, એવા સારા કાળમાં પણ સ્ત્રીઓએ સ્મશાનયાત્રામાં જોડાઈને સ્મશાને નહિ જવાની મર્યાદાનું પાલન સારી રીતે કરાતું હોય, ત્યારે જે કાળમાં સ્ત્રીઓએ ઘરનો અને લાજ-મર્યાદાનો ત્યાગ કર્યો હોય એવા દિન-પ્રતિદિન વધુને વધુ બગડતા જતા, પાપ અને દુઃખ વધારનારા આ વિષમકાળમાં તો સ્ત્રીઓએ સ્મશાનયાત્રામાં જોડાઈને સ્મશાને નહિ જવાની, પાપ અને દુઃખથી બચાવનારી આત્મકલ્યાણકારી મર્યાદાનું પાલન તો વિશેષ પ્રકારે કરવા યોગ્ય બની રહે જ.

આ વાતનો ઇનકાર-અસ્વીકાર સદાચારપ્રેમી સજ્જનોથી થઈ શકે એમ નથી.

**મોક્ષાભિલાષી સ્ત્રીઓ માટેની, સ્મશાનયાત્રામાં નહિ જવા અંગેની શ્રી જિનશાસનની કલ્યાણકારી મર્યાદા :**

આર્યસંસ્કૃતિની ઈમારત બ્રહ્મચર્યના મજબૂત પાયા પર રચાયેલી છે. સ્ત્રીઓના જીવનમાં તો શીલ-સદાચારનું મહત્વ સવિશેષ છે.

આર્યસંસ્કૃતિ માનવના શીલ-સદાચારનું રક્ષણ કરનારી તેમજ આ લોક-પરલોકને સુખશાંતિમય બનાવીને આત્મકલ્યાણના માર્ગે દોરી જનારી છે.

સ્ત્રી ઘરમાં અને લાજ-મર્યાદામાં રહે તો જ એના શીલ-સદાચારનું રક્ષણ સારી રીતે થઈ શકે છે.

**મર્યાદાનું મહત્વ :** સ્ત્રી-પુરુષના આ લોક-પરલોકને સુખશાંતિમય બનાવીને આત્માને મોક્ષમાર્ગમાં આગળ વધારે એવું સ્વ-પર-હિતકર જ આચરણ એનું જ નામ મર્યાદા.

સ્ત્રીઓએ સ્મશાને નહિ જવાની લૌકિક મર્યાદા છે. શ્રી જિનશાસન પણ આ લૌકિક મર્યાદાને માનનારું છે. મર્યાદા પાલન જ સ્વ-પર-હિતકર છે. મર્યાદાભંગ અહિતકર છે.

બીજી એક મહત્વની વાત એ છે કે કુદરતી રીતે જ સ્ત્રીઓનું હૃદય જન્મસિદ્ધ કોમળતા ધરાવનારું હોય છે, સ્ત્રીઓને અબળા કહેવાય છે. આ કારણથી સ્ત્રીઓ જો સ્મશાન જેવાં બિહામણાં સ્થાનોમાં જાય તો એમને ભયજન્ય વળગાડ આદિ ઉપદ્રવો થવાની

સંભાવના વિશેષ હોય છે. પુરુષોનાં હૈયાં કુદરતી રીતે જ જન્મસિદ્ધ સહનશીલતા અને વજ્ર જેવી મજબૂત છાતી ધરાવનારાં હોવાથી ભયજન્ય વળગાડ આદિની સંભાવના એમના માટે લગભગ હોતી નથી, અથવા ઘણી ઓછી હોય છે.

જૈનકુળમાં જન્મેલી અને કલ્યાણકારી જિનશાસનને પામેલી ખાનદાન પરિવારની મોક્ષાભિલાષી સ્ત્રીઓથી જમાનાના નામે કે અન્ય કોઈ પણ કારણે જિનશાસનની હિતકર મર્યાદાનો ભંગ કરીને સ્મશાને જવાની વાત કરાય નહિ.

આ પડતા કાળના પ્રભાવે, પૂ. સાધુ-સાધ્વીજીની સ્મશાનયાત્રામાં જોડાવાનો ક્યાંક ક્યાંક શ્રાવિકાઓ આગ્રહ રાખે છે એને અનુલક્ષીને કરાયેલી સ્વ-પર આત્મહિતકર ટકોરને ધ્યાનમાં રાખીને શ્રાવિકાઓ, આત્મકલ્યાણકારી એવી મર્યાદાના પાલન માટે ચુસ્ત આગ્રહી બને એજ શુભાભિલાષા.

મોક્ષાભિલાષી સ્ત્રીઓએ શ્રી જિનશાસનની સ્વ-પર-હિતકર મર્યાદાનું પાલન સ્વેચ્છાએ જ કરવા યોગ્ય છે.

# પુણ્યવંતી શ્રાવિકાઓને હિતોપદેશ

પરમ પુણ્યોદયે સર્વોત્તમ જૈનકુળને અને સર્વોત્તમ જૈન શાસનને પામેલી શ્રાવિકાઓ જગતની તમામ સ્ત્રીઓમાં સર્વોચ્ચ સ્થાને રહેલી છે.

સર્વોચ્ચ સ્થાને રહેલી શ્રાવિકાઓએ આત્માનું અહિત કરનારા અને દુર્ગતિદાયક એવા આ કળિયુગને - આ જમાનાને નજર સમક્ષ રાખીને જીવવાનું હોય જ નહિ.

સ્ત્રીઓમાં સર્વોચ્ચ સ્થાને રહેલી શ્રાવિકાઓએ તો પરમ પુણ્યોદયે જ મળેલા, આત્મકલ્યાણકારી, સદ્‌ગતિ પમાડનારા એવા જૈનકુળને અને જૈન શાસનને જ નજર સમક્ષ રાખીને જીવવાનું હોય.

સ્ત્રીઓ ઘરમાં, લાજમાં અને મર્યાદામાં રહે તો જ એનાં શીલ-સદાચારની સુરક્ષા થઈ શકે.

ઘર, લાજ અને મર્યાદા આ ત્રણેય બાબતો સ્ત્રીઓના સદાચારમય અને સુખશાંતિમય જીવન માટે અતિ ઉપકારક છે.

સ્ત્રીઓનાં શીલ-સદાચારની સુરક્ષા કરનારી, આત્મહિતકર એવી આ ત્રણેય અતિ ઉપકારક બાબતોનો ત્યાગ કરી દઈને, પુરુષોની સાથે સાધુ-સાધ્વીની સ્મશાનયાત્રામાં જોડાઈને, સ્મશાને જવાનો વિચાર તો પુણ્યવંતી શ્રાવિકાઓથી સ્વપ્નમાં પણ કરાય જ નહિ.

## બોલીનું દ્રવ્ય નીચે જણાવેલાં અગ્નિસંસ્કાર સંબંધિત કાર્યોમાં જ વપરાય.

૧. બોલીનું દ્રવ્ય ગુરુના સ્મારકમાં, ગુરુમૂર્તિ તથા ગુરુમંદિરનાં નિર્માણમાં અને એના સમારકામમાં તેમજ ગુરુના સમાધિમૃત્યુ નિમિત્તક મહોત્સવમાં વપરાય.

૨. દેવદ્રવ્યમાં અને જિર્ણોદ્ધારમાં વપરાય.

૩. આ દ્રવ્ય જમણમાં અને પ્રભાવનામાં વપરાય નહિ.

૪. કાળધર્મ અંગેની બોલીઓમાંથી શાસનપ્રભાવક અનુકંપા-દાનની બોલી અનુકંપાદાન ખાતે લેવાય.

૫. બાકીની તમામ બોલીઓનું દ્રવ્ય ગરુસ્મારક અને ગુરુભક્તિ મહોત્સવ ખાતે લઈ જવાય. આમાં જરૂર ન હોય તો દેવદ્રવ્ય ખાતે જ લઈ જવાય.

૬. મહોત્સવમાં આવેલા જૈન સંગીતકારને આ રકમ અપાય પણ નહિ અને એણે લેવાય પણ નહિ. સંગીતકાર સાથે આવેલા સ્ટાફના જૈનેતરોને અપાય અને એમણે લેવાય.

## બજારમાંથી લાવવાની વસ્તુઓની યાદી.

૧. વાસક્ષેપ કિલો-૧

૨. ઘી કિલો-૨

૩. આખી બદામ કિલો-૧

૪. અનુકંપાદાન માટે અનાજ યથાશક્તિ

૫. શાસનપ્રભાવક દાન માટે ઉછાળવા પૈસાનું પરચૂરણ

૬. સૂકા ઘાસના પૂળા ૨ થી ૧૦ જરૂર પ્રમાણે

૭. ટોપરાંના ગોળા જરૂર પ્રમાણે

૮. કૂતરાં માટે લાડવા

૯. રાળ તથા કન્દ્રૂપ કે દશાંગ ધૂપ

૧૦. ખીલી, હથોડી, કાતર, બાક્સ

૧૧. વાંસ ધૂપિયાં માટે નંગ ૪, ૩ વેંત પ્રમાણ

૧૨. પાલખી કે નનામીનો સામાન

૧૩. જરિયાન વસ્ત્ર

૧૪. લોટી-૫, ધજા-૫

૧૫. ઊંટગાડી કે હાથલારી અનુકંપાદાન માટે

૧૬. બેન્ડવાજાં અથવા ઢોલ-શરણાઈ

***નોંધ :*** અનુકંપાદાન માટેની વસ્તુ સ્મશાનયાત્રાના નાના-મોટા માર્ગ પ્રમાણે લવાય.

# વિભાગ - ૪

## સાધ્વીજીના કાળધર્મ સમયે કરવાની વિધિ

૧. સાધ્વીજી કાળધર્મ પામે ત્યારે જોઈતા સામાનની યાદી માટે (જુઓ પાનું ૫)

૨. કાળધર્મ પામવા પૂર્વેનાં શરીરનાં લક્ષણો જાણવા માટે (જુઓ પાનું ૧૨)

૩. **મૃતકને વોસિરાવતાં પહેલાં સાધ્વીજીએ કરવાની વિધિ** અગાઉથી કાળધર્મ પામવાનો ખ્યાલ આવી જાય તો કાળધર્મ પામે તે પહેલાં જ વધારાની ઉપધિ લઈ લેવી અને એને મૃતકથી દૂર રાખવી. આ કામ શ્રાવક-શ્રાવિકા હાજર હોય તો એમની પાસે કરાવવું.

૪. કાળધર્મ પામવાની તૈયારી જણાય તો સ્થાપનાચાર્ય પ્રથમથી લઈ લેવા. મૃતક પાસે કોઈના પણ સ્થાપનાચાર્ય રખાય નહિ.

૫. કાળધર્મ પામતાંની સાથે જ જાવજ્જીવનું ચારિત્ર પૂરું થયું હોવા છતાં ઓઘો-મુહપત્તી મૃતક પાસે-મૃતકથી સહેજ દૂર બે ઘડી એટલે ૪૮ મિનિટ સુધી રાખી મૂકવાં. પછી એ લઈ લેવાં અને એના સ્થાને વર્તમાન રિવાજ મુજબ ચરવળી અને મુહપત્તી મૂકવાં. (જુઓ પાનું ૧૩)

૬. સાધ્વીજી કાળધર્મ પામે કે તરત જ મૃતકના મસ્તક નીચેની જમીનમાં લોઢાની ખીલી મારવી અને મૃતકની ટચલી

આંગળીના ઉપરના વેઢા ઉપર સોય, ચપ્પુ કે બ્લેડથી છેદ કરીને મૃતક શરીરને ખંડિત કરવું, જેથી એમાં વ્યંતર આદિનો પ્રવેશ થઈ શકે નહિં.

શ્રાવક-શ્રાવિકા હાજર હોય તો અનુભવી શ્રાવક-શ્રાવિકા સાધ્વીજીના માર્ગદર્શન મુજબ આ કામ કરે. નહિ તો આ કામ સાધ્વીજી પણ કરે. મૃતકને જ્યાં જ્યાં ફેરવાય ત્યાં ત્યાં પણ મૃતકના માથા નીચે જમીનમાં ખીલી મારવી.

૭. કાળધર્મ પામવાનો સમય નોંધવો જરૂરી છે.

૮. ઉપરનાં સર્વ કામ મૃતકને વોસિરાવતાં પહેલાં જ કરવાં જરૂરી છે.

૯. સાધ્વીજીએ સાંજે કાળ કર્યો હોય અને પ્રતિક્રમણ કરવાનું બાકી હોય તો મૃતકથી દૂરનાં બીજા સ્થાનમાં જઈને સાધ્વીજીઓ પ્રતિક્રમણ મૌનપૂર્વક કરે. પ્રતિક્રમણ એજ સ્થાનમાં કરવું પડે એમ હોય તો વચમાં પડદો કરાવીને પ્રતિક્રમણ મૌનપૂર્વક કરે. પ્રતિક્રમણ મોટેથી બોલીને કરવું પડે એમ હોય તો મૃતકથી ૧૦૦ ડગલાં દૂરના સ્થાનમાં જઈને કરાય.

૧૦. મૃતકને રાત્રે રાખવાનું હોય તો પ્રૌઢ, ધીર, નિર્ભય શ્રાવકોએ જરા પણ ઊંઘ્યા વિના સતત જાગતાં રહીને મૃતકની ચોકી કરવી.

૧૧. જો શ્રાવકો હાજર ન હોય અને મૃતકને વોસિરાવતાં પહેલાં સાધ્વીજીઓએ રાત્રે જાગવું પડે એમ હોય તો પ્રૌઢ અને નિર્ભય સાધ્વીજીઓએ જાગતાં રહીને મૃતકની ચોકી કરવાની છે. નાની ઉંમરનાં સાધ્વીજીઓએ મૃતક પાસે રહેવું - બેસવું નહિ.

૧૨. ઉંદર, બિલાડી વગેરે જીવો મૃતકથી દૂર રહે તે માટે મૃતક પાસે રાત્રે ધૂપ-દીપ રાખવા જરૂરી છે. દુર્ગંધ ટાળવા માટે પણ ધૂપ જરૂરી છે.

૧૩. મૃતક પાસે ઉંદર આવતો હોય તો ઝોળી, પાત્રી, લાડુ રાત્રે કબાટ આદિમાં સાચવી રાખીને સવારે મૃતક પાસે મૂકવાં.

૧૪. મૃતક વાસ મારવા લાગે તો મૃતક ઉપર સુગંધી સ્પ્રેનો છંટકાવ કરવો.

૧૫. બે ઘડીનો સમય વીતી ન જાય તે રીતે સાધ્વીજીએ માતરાની કૂંડીમાં માતરું તૈયાર રાખવું.

જો કદાચ મૃતક ઊભું થાય તો જમણા હાથમાં માતરાની કૂંડી લઈને, સાધ્વીજીએ **'બુજ્ઝ બુજ્ઝ ગુજ્ઝગ ! મા મુજ્ઝ'** એમ બોલીને ડાબા હાથ વડે મૃતક ઉપર માતરું છાંટવું. માત્ર સાવધાનીરૂપે આ શાસ્ત્રીય ઉપાય જણાવ્યો છે. (જુઓ પાનું ૧૫)

૧૬. કાળધર્મ વિધિના આ લખાણમાં કેટલીક બાબતોમાં જ્યાં જેમ યોગ્ય લાગ્યું ત્યાં તેમ જણાવ્યું છે. શાસ્ત્રીય સિવાયની વ્યાવહારિક બાબતોમાં આગ્રહ સમજવો નહિ. વ્યાવહારિક બાબતોમાં જ્યાં જેમ રિવાજ હોય ત્યાં તેમ કરી શકાય. ઉપરનાં સર્વ કામ મૃતકને વોસિરાવતાં પહેલાં કરવાં યોગ્ય છે.

૧૭. **મૃતકને વોસિરાવવાની વિધિ :** સાધ્વીજી કાળ કરે ત્યારે ગામમાં જે કોઈ સાધુ મહારાજ હોય એમને તરત જ બોલાવવા અને એમની પાસે મૃતકને વોસિરાવવાની ક્રિયા કરાવવી. સાધુ મહારાજના અભાવે મૃતકને વોસિરાવવાની વિધિ સાધ્વીજી કરી શકે.

ગચ્છના વડીલ સાધ્વીજી અથવા બીજા કોઈ પણ એક સાધ્વીજી મૃતક પાસે આવે. ત્યાં દાંડો થાપીને ખમાસમણ દઈ ઈરિયાવહિયં કરે, પછી હાથમાં વાસક્ષેપ લઈને નીચે મુજબ બોલે.

કોટિકગણ, વયરી શાખા, ચાંદ્રકુળ, આચાર્યશ્રી વિજય સિંહસૂરિ (અથવા પોતાના સમુદાયના વર્તમાન વડીલ આચાર્યશ્રી-ગચ્છાધિપતિનું નામ બોલવું.) ઉપાધ્યાયશ્રી સકલચંદ્રજી (અથવા પોતાના ગચ્છના વર્તમાન વડીલશ્રીનું નામ બોલવું. પંન્યાસ શ્રી સત્યવિજયજી હયાત મહત્તરાશ્રીનું નામ બોલવું. (અમુક નામ બોલવું) સાધ્વીજીના શિષ્યા (મૃત સાધ્વીજીનું નામ બોલવું) મહાપારિટ્ઠાવણિયાએ કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ વગેરે કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ

કરી પારીને પ્રગટ નવકાર કહેવો. પછી મૃતકના મસ્તક ઉપર વાસક્ષેપ કરવાપૂર્વક ત્રણવાર **વોસિરે, વોસિરે વોસિરે** કહેવું.

**વિશેષ નોંધ :** મૃતકને વોસિરાવતી વખતે મુખ્ય માર્ગે તો વર્તમાન-વિદ્યમાન એવા આચાર્યાદિકનાં નામ બોલાય. વર્તમાનમાં કોઈ આચાર્યાદિક ન હોય તો જ સિંહસૂરિજી વગેરે બોલાય. એમાં પંન્યાસજીનું નામ બોલવાની વિધિ નથી. મહત્તરાના સ્થાને પ્રવર્તિની બોલાય.

ઉપર મુજબ મૃતકને વોસિરાવીને મૃતક શ્રાવિકાઓને સોંપાય.

## મૃતક અંગે શ્રાવિકાઓએ કરવાની વિધિ

૨. પ્રથમ હજામને બોલાવીને મૃતકના મસ્તકનુ મૂંડન કરાવવું.

૧. મૃતકને વોસિરાવ્યા પછીનું તમામ કામ શ્રાવક-શ્રાવિકાઓએ જ કરવા યોગ્ય છે. જે કામ શ્રાવિકાઓએ કરવા યોગ્ય હોય તે કામ શ્રાવિકાઓ કરે અને જે કામ શ્રાવકોએ કરવા યોગ્ય હોય તે કામ શ્રાવકો કરે.

## ૩. મૃતક સંબંધી ગૃહસ્થોએ કરવાની વિધિ

મૃતકે જીવ છોડ્યો હોય તે જગ્યાએ લોટનો X અવળો સાથિયો કરવો.

૪. મૃતકે જે સ્થાનમાં જીવ છોડ્યો હોય-મૃતકના સંથારાવાળા તે સ્થાનને તેમજ મૃતકને જે જે સ્થાનમાં પધરાવેલ હોય તે તે સ્થાનને, અચિત્ત જળમાં નાખેલા સોનાના (૦ાા પાનું)

વરખવાળા કે સોનાનું ઘરેણું બોળેલા પાણીથી ધોઈને પવિત્ર કરવું. શ્રાવકોચિત કાર્યો સાધુનાં માર્ગદર્શન મુજબ કરવાં.

૫. જે ઉપધિ જીવ જાય ત્યાં સુધી મૃતકને અડેલી રહી હોય એમાંથી સંથારિયું, કામળી વગેરે ઊનની વસ્તુઓને ગોમૂત્ર કે સોનાવાણી છાંટીને પણ પવિત્ર કરવી. - આમ પવિત્ર કરાયેલી ઊનની વસ્તુઓ સાધ્વીજીઓ વાપરી શકે છે. મૃતકનાં ઊનનાં વસ્ત્રો પરઠવાતાં નથી, પણ ગોમૂત્રનાં છાંટણાં કરીને કાળધર્મ પામનારની યાદગીરીરૂપે પણ સાધ્વીજીઓ સાચવીને રાખી શકે છે.

૬. મૃતક પરની સુતરાઉ ઉપધિને ગૃહસ્થો ઉષ્ણ એવા અચિત્ત જળમાં પલાળીને સૂકવે. આવાં જળનો જોગ ન હોય તો સુતરાઉ વસ્ત્રોને પણ ગોમૂત્ર છાંટીને પવિત્ર કરવાં. પલાળેલાં વસ્ત્રો, સાધ્વીજીઓ પહેરવાના ઉપયોગમાં ન લે. ઓઘો પરઠવાય નહિ.

૭. મૃતકના વીંટિયા વગેરેમાં નવાં વસ્ત્રો હોય તે અન્ય સાધ્વીજીઓ પોતાના ઉપયોગમાં લઈ શકે છે.

૮. ગૃહસ્થો હાજર ન હોય તો ગૃહસ્થોએ કરવા યોગ્ય એવાં ઉપરનાં સર્વ કાર્યો જયણાપૂર્વક સાધ્વીજીઓ કરી શકે છે.

૯. મૃતકને વોસિરાવવાની વિધિ કરનાર સાધુ દૂરના બીજા સ્થાનમાંથી આવનાર હોય અને એમને આવતાં વાર લાગે

તેમ હોય તો ઉપરનાં બધાં કામ મૃતકને વોસિરાવતાં પહેલાં કરવા યોગ્ય છે.

૧૦. કાળધર્મ સમયનું નક્ષત્ર જોવું, પૂતળાં કરવાં વગેરે વિધિ માટે (જુઓ પાનું ૨૪)

૧૧. મૃતકના મસ્તકનું મૂંડન કરાવ્યા બાદ, મૃતકને ત્રાંસ(કથરોટ)માં બેસાડીને કાચા પાણીથી સ્નાન કરાવવું.

**વિશેષ નોંધ :** વર્તમાન પરંપરા(રિવાજ) પ્રમાણે મૃતકને સ્નાન કરાવે ત્યારે જ શરીર પરનાં વસ્ત્રો દૂર કરાય છે.

૧૨. પછી નવાં સુંવાળાં વસ્ત્રથી મૃતકનું શરીર લૂછવું.

૧૩. પછી મૃતકના આખા શરીર પર કેસર, કસ્તૂરી, સુખડ, બરાસ વગેરે ઉત્તમ સુગંધી પદાર્થોથી વિલેપન કરવું.

૧૪. મૃતકના દેહ ઉપર પહેરાવવાના વસ્ત્રને શ્રાવિકાએ ચાર ખૂણે ચાર તથા મધ્યમાં એક એમ કુલ ૫ અવળા સાથિયા કેસરથી કરવા. બીજાં વસ્ત્રોને કેસરનાં માત્ર છાંટણાં કરવાં.

૧૫. કમરે પાટો બાંધવો અને તેની ઉપર જંઘા સુધીનો નાનો લેંઘો પહેરાવવો. તેની ઉપર પગની ઘૂંટી સુધીનો મોટો લેંઘો (મોટો કપડો) પહેરાવી તેની ઉપર કેડના ભાગે કંદોરો બાંધવો.

૧૬. અર્ધજાંઘ સુધીની અધોરુકા, ઢીંચણ સુધીની અભ્યંતર નિવસનિકા, પગના તળિયા સુધીની બાહ્ય નિવસનિકા,

તેની ઉપર પગની પાનીથી મસ્તક ઢંકાય એવો લાંબો સાડો પહેરાવવો. (હાલમાં બે સાડા અને ચોયણાનો રિવાજ છે. રિવાજની બાબતમાં આગ્રહ સમજવો નહિ. જ્યાં જેમ રિવાજ હોય ત્યાં તેમ કરાય.) તે ચોયણાને દોરીથી બાંધવો.

૧૭. કંચવાની જગ્યાએ પ્રથમ ૭ પડો પાટો બાંધવો પછી ત્રણ કંચવા પહેરાવી પછી એક નાનો કપડો ઓઢાડીને પછી તેની ઉપર મોટો કપડો ઓઢાડવો.

**વિશેષ નોંધ :** કંચુક સીવ્યા વિનાનો અને ૧૨ કસોવાળો જોઈએ અને કંચવાની અંદર ૧૪ પડ કરીને કપડું વીંટાળવું. સ્તન ભાગને સારી રીતે ઢાંકવો.

૧૮. ઉપકક્ષિકા તથા વૈકક્ષિકા :

૧૯. મૃતકનું મુખ ખુલ્લું રહેતું હોય, મુખમાં જીવાત પેસવાનો સંભવ હોય અને મૃતકના મુખમાં રૂ ભરાવવાથી કામ થઈ જતું હોય તો મુખવસ્ત્રિકા બાંધવી જરૂરી નથી. વિના કારણ બાંધવાની નહિ. ન છૂટકે બાંધવી પડે તો જ બાંધવી.

૨૦. મૃતકને વસ્ત્ર પહેરાવીને પછી પાટ ઉપર પધરાવવું.

૨૧. મૃતકને જ્યાં જ્યાં ફેરવાય ત્યાં ત્યાં તેમના મસ્તક નીચે જમીનમાં ખીલી મારવી. નનામીમાં પધરાવે ત્યાં પણ માથા નીચેની નનામીની જમીનમાં ખીલી મારવી.

૨૨. ઉત્તરપટ્ટો પાથરીને મૃતકને નનામીમાં સુવડાવે ત્યારે પગની પાનીથી લઈને મસ્તક ઢંકાય તેટલો લાંબો કપડો ઓઢાડવો. કપાળથી માંડીને દાઢી સુધીનો મુખનો ભાગ ખુલ્લો રાખવો.

૨૩. મૃતકની જમણી બાજુએ ચરવળી અને મુહપત્તી મૂકવી.

૨૪. મૃતકની ડાબી બાજુએ એક લાડુ સહિતની ખંડિત પાત્રાવાળી ઝોળી મૂકવી.

૨૫. કાળધર્મ સમયનું નક્ષત્ર જોઈને નક્ષત્ર પ્રમાણે ઘાસનાં પૂતળાં બનાવી મૃતકની બાજુમાં મૂકવાં. (જુઓ પાનું ૨૪)

૨૬. પૂતળા દીઠ એક ચરવળી, એક મુહપત્તી અને એક લાડુ સહિતની ખંડિત પાત્રાવાળી ઝોળી મૂકવી.

૨૭. મુખ, કાન, નાકમાં જીવડાં પ્રવેશે નહિ તે માટે રૂ નાંખવું.

૨૮. નનામીને જરિયાન કપડાં વગેરેથી સારી રીતે શણગારવી.

૨૯. નનામીમાં મૃતકને સારી રીતે બાંધવું.

૩૦. પછી મૃતક ઉપર વાસક્ષેપ કરવો.

૩૧. નનામીને ઉપાશ્રયમાંથી લઈ જતી વખતે ચોઘડિયું જોવું જરૂરી નથી.

૩૨. નનામીને ઉપાશ્રયની બહાર લઈ જતી વખતે મૃતકના પગ આગળ રહે એ રીતે જ મૃતકને સ્મશાન ભૂમિ સુધી લઈ જવું.

૩૩. માર્ગમાં કોઈથી રુદન કરાય નહિ.

૩૪. નનામીને વાજિંત્રોના નાદ સાથે મહોત્સવપૂર્વક લઈ જવી.

૩૫. ત્રાંબાના વાસણ (દોણી)માં સળગતું છાણું (અગ્નિ) લઈને મુખ્ય એક શ્રાવકે નનામીની આગળ ચાલવું. પછી વારાફરતી બીજા શ્રાવકો એને લઈને ચાલે.

૩૬. શ્રાવકોએ નનામીની પૂર્વે(આગળ) નાણું, ચોખા, બદામ વગેરે ઉછાળવું અને **'જય જય નંદા, જય જય ભદ્દા'** બોલતાં બોલતાં જયણાપૂર્વક ચાલવું. સંયમી જીવન હોવાથી માત્ર **'જય જય નંદા, જય જય ભદ્દા'** બોલાય. આ સિવાય બીજું કાંઈ બોલાય નહિ.

૩૭. આ રીતે નનામીને અગ્નિ સંસ્કારની ભૂમિ સુધી લઈ જવી. ભૂમિની સારી રીતે પ્રમાર્જના કરીને, જ્યાં સુધી ચિતાનો તાપ લાગે તેમ હોય ત્યાં સુધીની જમીનને સર્વથા જીવરહિત કરવી.

૩૮. નનામીને ચિતામાં પધરાવતી વખતે મૃતકનું મુખ ગામ તરફ રાખવું.

૩૯. પછી ચંદન વગેરેનાં ઉત્તમ કાષ્ઠમાં શુદ્ધ ઘી વગેરે નાખવાપૂર્વક અગ્નિસંસ્કાર કરવો.

૪૦. મૃતકની સંપૂર્ણ રાખ થયા પછી આશાતના ન થાય તે માટે, પવિત્ર અને નિરવદ્ય એવા યોગ્ય સ્થાને એને પરઠવવી.

૪૧. ચિતાનો અગ્નિ શાંત થયા પછી શ્રાવકો સ્મશાનમાંથી નીકળી, પવિત્ર થઈને ઉપાશ્રયે આવે અને સમુદાય સાથે ગુરુમુખે લઘુશાંતિ કે મોટી શાંતિ સાંભળે, તેમજ કાળધર્મ પામેલાં સાધ્વીજીના ગુણો સાંભળે, એમનાં સંયમ જીવનની અનુમોદના કરે અને અનિત્યતાનો ઉપદેશ સાંભળે.

૪૨. અવસરે યથાશક્તિ શાંતિસ્નાત્ર આદિ અઠ્ઠાઈમહોત્સવ કરે.

૪૩. ગૃહસ્થો મૃતકને ઉપાશ્રયમાંથી લઈ ગયા બાદ આખા મકાનમાં ગોમૂત્ર છાંટીને મકાનને પવિત્ર કરવું.

૪૪. મૃતકે જ્યાં જીવ છોડ્યો હોય તે સંથારાની જગ્યા, સોનાવાણી કરેલા (સોનાનું વરખ નાખેલા) અચિત્ત જળથી પોતું કરીને ભૂમિ શુદ્ધ કરવી.

૪૫. પછી મૃતકે જ્યાં જીવ છોડ્યો હોય ત્યાં લોટનો અવળો સાથિયો કરવો.

૪૬. પછી કાળધર્મ પામેલાં સાધ્વીજીના શિષ્યાએ અથવા સૌથી ઓછા પર્યાયવાળાં સાધ્વીએ અવળો વેશ પહેરવો. ઓઘો જમણી બગલમાં રાખવો. મુહપત્તી ડાબા હાથમાં રાખવી. કપડાનો છેડો જમણે ખભે રાખવો. બાકીનાં વસ્ત્રોના ખીલ(છેડા) બહાર રાખે.

૪૭. પછી મુખ્ય દ્વાર તરફથી અંદરની બાજુએ અવળો કાજો લેવો અને એ કાજામાં પ્રથમ કરેલો લોટનો સાથિયો પણ લઈ લેવો.

૪૮. પછી કાજો પરઠવવાની વિધિરૂપે ઈરિયાહિયં કરીને કાજો પરઠવવો.

૪૯. પછી દેવવંદન અને ઈરિયાવહિયં નીચે પ્રમાણે અવળી વિધિથી કરવાં.

**૫૦. અવળા દેવવંદનની વિધિ :**

૧. સૌપ્રથમ કલ્લાણકંદંની પહેલી થોય કહેવી.

૨. પછી એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો.

૩. પછી અન્નત્થ કહી અરિહંતચેઈયાણં કહેવું.

૪. પછી જયવીયરાય, ઉવસગ્ગહરં, જાવંત કે વિ સાહૂ, ખમાસમણ, જાવંતિ ચેઈયાઈ, નમુત્થુણં, જં કિંચિ, પાર્શ્વનાથનું ચૈત્યવંદન ઉપર મુજબ બધું અવળા ક્રમમાં બોલીને ખમાસમણ દઈ લોગસ્સ કહેવો.

૫. પછી ચંદેસુ નિમ્મલયરા સુધી એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.

૬. પછી અન્નત્થ, તસ્સઉત્તરી, ઈરિયાવહિયં કહીને ખમાસમણ દેવું.

૭. છેવટે અવિધિ આશાતના મિચ્છા મિ દુક્કડં કહીને

૮. પછી સવળો વેશ પહેરી લેવો અને સવળો કાજો લેવો. ઈરિયાવહિયં કરીને, પછી દેવવંદન કરવા આવેલાં સર્વ

સાધ્વીજીઓએ ૧. કપડાનો છેડો, ૨. કંચવાનો છેડો, ૩. મુહપત્તીનો છેડો, ૪. ઓઘાની એક દશી, ૫. ઓઘાની દોરી - ઉપર મુજબ પાંચ વાનાં ગોમૂત્રમાં કે સોનાવાણી કરેલા અચિત્ત જળમાં બોળવાં.

## ચૌમુખજી જિનબિંબ સમક્ષ દેવવંદનની વિધિ

૧. ચૌમુખજી જિનબિંબ પધરાવવાં.

૨. જિનબિંબની નીચે એક અને ચાર બાજુ ચાર સાથિયા કરી તેના ઉપર શ્રીફળ મૂકવાં.

૩. પાંચ દીવા ઘીના કરવા.

૪. પછી સાધ્વીજીઓએ અને શ્રાવિકાઓએ પ્રભુજી સમક્ષ દેવવંદન કરવાં.

૫. પ્રભુજીની સમક્ષ આઠ થોયથી સવળા દેવવંદન કરવાં.

૬. તેમાં બે વખત પાર્શ્વનાથનું ચૈત્યવંદન, સંસારદાવાનલની અને સ્નાતસ્યાની થોય રાગ વિના કહેવી.

૭. પછી અજિતશાંતિ રાગ વિના કહેવી.

૮. છેલ્લે શાંતિનાથનું ચૈત્યવંદન કહેવું.

૯. દેવવંદન બાદ ખમાસણ દઈ ઈરિયાવહિયં કરીને ઈચ્છા૦ સંદિ૦ ભગવન્ ક્ષુદ્રો૦ ઓહડાવણત્થં કાઉ૦ કરું ? ઈચ્છં ક્ષુદ્રોપદ્રવ ઓહડાવણત્થં કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ કહી ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ સાગરવરગંભીરા સુધી કરી

વડીલે કાઉસ્સગ્ગ પારીને

**'સર્વે યક્ષામ્બિકાદ્યા યે, વૈયાવૃત્યકરા જિને ।**
**ક્ષુદ્રોપદ્રવસંઘાતં તે દ્રુતં દ્રાવયન્તુ નઃ ॥૧॥'**

આ ગાથા કહેવી પછી આદેશ મેળવનાર કાઉસ્સગ્ગ પારી મોટી શાંતિ બોલે. પછી અવિધિ આશાતના મિચ્છા મિ દુક્કડં કહીને સાધ્વીજીઓ પર્યાય અનુસાર વંદન કરે.

છેવટે કાળધર્મ પામેલાં સાધ્વીજીનાં સંયમ જીવનના ગુણાનુવાદ કરે. પાપમય-દુઃખમય સંસારની અસારતા વિચારીને આત્મશ્રેયાર્થે ઉદ્યમશીલ રહેવું.

## હિતોપદેશ

મૃત્યોર્બિભેષિ કિં બાલ !,
સ ચ જાતં ન મુઞ્ચતિ ।
અજાતં નૈવ ગૃહ્ણાતિ,
કુરુ યત્નં અજન્મનિ ॥

**અર્થ :** હે બાલ જીવ ! તું મૃત્યુથી કેમ ભય પામે છે ?
મૃત્યુ જન્મેલા કોઈનેય છોડતું નથી અને
નહિ જન્મેલા એવા કોઈનેય પકડી શકતું નથી,
માટે જો તારે મૃત્યુથી બચવું હોય તો
તું જન્મને જ ટાળવાનો પ્રયત્ન કર.

## ૧. નવકાર, ૨. ઉવસગ્ગહરં
## ૩. મોટી શાંતિ (શ્રી બૃહચ્છાંતિ સ્તોત્રમ્)

ભો ભો ભવ્યાઃ ! શૃણુતવચનં પ્રસ્તુતં સર્વમેતદ્,
યે યાત્રાયાં ત્રિભુવનગુરો-રાર્હતા ભક્તિભાજઃ,
તેષાં શાંતિ-ર્ભવતુ ભવતા-મર્હદાદિ-પ્રભાવા
દારોગ્ય-શ્રી-ધૃતિ-મતિકરી ક્લેશવિધ્વંસહેતુઃ ॥૧॥

ભો ભો ભવ્યલોકા ! ઇહ હિ ભરતૈરાવતવિદેહ -સંભવાનાં, સમસ્ત-તીર્થકૃતાં જન્મન્યાસન- પ્રકંપાનંતર-મવધિના વિજ્ઞાય, સૌધર્માધિપતિઃ સુઘોષાઘંટા ચાલનાનન્તરં સકલ સુરેન્દ્રૈઃ સહ સમાગત્ય, સવિનય-મર્હદ્ભટ્ટારકં ગૃહીત્વા ગત્વા કનકાદ્રિ-શૃંગે, વિહિત જન્માભિષેકઃ શાંતિમુદ્ઘોષયતિ, યથાતતોઽહં કૃતાનુકારમિતિ કૃત્વા, મહાજનો યેન ગતઃ સ પંથાઃ, ઇતિ ભવ્યજનૈઃ સહ સમેત્ય, સ્નાત્ર-પીઠે સ્નાત્રં વિધાય શાંતિમુદ્ઘોષયામિ, તત્પૂજા-યાત્રા -સ્નાત્રાદિ-મહોત્સવા-નંતરમિતિ કૃત્વા કર્ણં દત્વા નિશમ્યતાં નિશમ્યતાં સ્વાહા ॥૨॥

ॐ पुण्याहं, पुण्याहं प्रीयन्तां प्रीयन्तां भगवन्तोऽर्हन्तः सर्वज्ञाः सर्वदर्शिन-स्त्रिलोकनाथा स्त्रिलोकमहिता - स्त्रिलोकपूजया-स्त्रिलोकेश्वरा स्त्रिलोकोद्योतकराः ॥३॥

ॐ ऋषभ-अजित-संभव-अभिनंदन-सुमति-पद्मप्रभ-सुपार्श्व-चन्द्रप्रभ-सुविधि-शीतल-श्रेयांस वासुपूज्य-विमल-अनंत-धर्म-शान्ति-कुंथु-अर-मल्लि मुनिसुव्रत-नमि-नेमि-पार्श्व-वर्धमानान्ता जिनाः शान्ताः शान्तिकरा भवन्तु स्वाहा ॥४॥

ॐ मुनयो मुनिप्रवरा रिपु-विजय-दुर्भिक्ष-कान्तारेषु दुर्गमार्गेषु रक्षन्तु वो नित्यं स्वाहा ॥५॥

ॐ श्री ह्री धृति-मति-कीर्ति-कान्ति-बुद्धि-लक्ष्मी-मेधा-विद्यासाधन-प्रवेश-निवेशनेषु सुगृहीत नामानो जयन्तु ते, जिनेन्द्राः ॥६॥

ॐ रोहिणी-प्रज्ञप्ति-वज्रशृङ्खला-वज्राङ्कुशी-अप्रतिचक्रा-पुरुषदत्ता-काली-महाकाली-गौरी-गान्धारी-सार्वास्त्र-महाज्वाला-मानवी-

વૈરોટ્યા અચ્છુપ્તા - માનસી - મહામાનસી ષોડશ વિદ્યાદેવ્યો રક્ષન્તુ વો નિત્યં સ્વાહા ॥૭॥

ૐ આચાર્યોપાધ્યાય-પ્રભૃતિ-ચાતુર્વર્ણસ્ય શ્રીશ્રમણસઙ્ઘસ્ય શાન્તિર્ભવતુ તુષ્ટિર્ભવતુ પુષ્ટિર્ભવતુ ॥૮॥

ૐ ગ્રહાશ્ચન્દ્ર-સૂર્યાઙ્ગારક-બુધ-બૃહસ્પતિ-શુક્ર-શનૈશ્ચર-રાહુ-કેતુ-સહિતાઃ સલોકપાલાઃ સોમ-યમ-વરુણ-કુબેર-વાસવાદિત્ય-સ્કન્દ-વિનાયકોપેતા યે ચાન્યેપિ ગ્રામ-નગર-ક્ષેત્રદેવતાદયસ્તે સર્વે પ્રીયન્તાં પ્રીયન્તાં અક્ષીણ-કોશ-કોષ્ઠાગારા નરપતયશ્ચ ભવન્તુ સ્વાહા ॥૯॥

ૐ પુત્ર-મિત્ર-ભ્રાતૃ-કલત્ર-સુહૃત્-સ્વજન-સંબન્ધિ-બન્ધુવર્ગ-સહિતાઃ નિત્યં ચામોદ-પ્રમોદ-કારિણઃ અસ્મિંશ્ચ ભૂમણ્ડલ આયતન-નિવાસિ-સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાણાં રોગોપસર્ગ-વ્યાધિ-દુઃખ-દુર્ભિક્ષ-દૌર્મનસ્યો-પશમનાય શાન્તિર્ભવતુ ॥૧૦॥

ૐ તુષ્ટિ-પુષ્ટિ-ઋદ્ધિ-વૃદ્ધિ-માઙ્ગલ્યોત્સવાઃ, સદા પ્રાદુર્ભૂતાનિ પાપાનિ શામ્યન્તુ દુરિતાનિ, શત્રવઃ પરાઙ્મુખા ભવન્તુ સ્વાહા ॥૧૧॥

શ્રીમતે શાન્તિનાથાય, નમઃ શાન્તિ-વિધાયિને,
ત્રૈલોક્યસ્યામરાધીશ,-મુકુટાભ્ય-ર્ચિતાઙ્ઘ્રયે ॥૧॥

શાન્તિઃ શાન્તિકરઃ શ્રીમાન્, શાન્તિં દિશતુ મે ગુરુઃ;
શાન્તિરેવ સદા તેષાં, યેષાં શાન્તિર્ગૃહે ગૃહે ॥૨॥

ઉન્મૃષ્ટ-રિષ્ટ-દુષ્ટ,-ગ્રહગતિ-દુઃસ્વપ્ન-દુર્નિમિત્તાદિ,
સંપાદિત-હિત-સંપન્નામગ્રહણં જયતિ શાન્તેઃ ॥૩॥

શ્રી સઙ્ઘ-જગજ્જનપદ, -રાજાધિપ-રાજસન્નિવેશાનાં,
ગોષ્ઠિક-પુરમુખ્યાણાં, વ્યાહરણૈ- ર્વ્યાહરેચ્છાન્તિમ્ ॥૪॥
શ્રીશ્રમણ-સઙ્ઘસ્ય શાન્તિર્ભવતુ, શ્રીજનપદાનાં શાન્તિર્ભવતુ, શ્રીરાજાધિપાનાં શાન્તિર્ભવતુ, શ્રીરાજસન્નિવેશાનાં શાન્તિર્ભવતુ, શ્રીગોષ્ઠિકાનાં શાન્તિર્ભવતુ, શ્રીપૌરમુખ્યાણાં શાન્તિર્ભવતુ, શ્રીપૌરજનસ્ય શાન્તિર્ભવતુ, શ્રીબ્રહ્મલોકસ્ય શાન્તિર્ભવતુ, ૐ સ્વાહા ૐ સ્વાહા ૐ શ્રીપાર્શ્વનાથાય સ્વાહા

એષા શાન્તિઃ પ્રતિષ્ઠા-યાત્રા-સ્નાત્રાદ્યવસાનેષુ શાન્તિકલશં ગૃહીત્વા કુઙ્કુમ-ચન્દન-કર્પૂરાગરુ-ધૂપવાસ

કુસુમાંજલિ-સમેતઃ; સ્નાત્ર-ચતુષ્કિકાયાં શ્રીસઙ્ઘ-સમેતઃ શુચિશુચિવપુઃ પુષ્પ-વસ્ત્ર-ચન્દના-ભરણા-લઙ્કૃતઃ પુષ્પમાલાં કણ્ઠે કૃત્વા શાન્તિ-મુદ્ઘોષયિત્વા શાન્તિપાનીયં મસ્તકે દાતવ્યમિતિ ॥

નૃત્યન્તિ નૃત્યં મણિ-પુષ્પ-વર્ષં, સૃજન્તિ ગાયન્તિ ચ મઙ્ગલાનિ;
સ્તોત્રાણિ ગોત્રાણિ પઠન્તિ મન્ત્રાન્, કલ્યાણભાજો હિ જિનાભિષેકે ॥૧॥

શિવમસ્તુ સર્વજગતઃ, પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ;
દોષાઃ પ્રયાન્તુ નાશં, સર્વત્ર સુખીભવતુ લોકઃ ॥૨॥

અહં તિત્થયર-માયા, સિવાદેવી તુમ્હ નયર-નિવાસિની,
અમ્હ સિવં તુમ્હ સિવં, અસિવોવસમં સિવં ભવતુ સ્વાહા ॥૩॥

ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ, છિદ્યન્તે વિઘ્નવલ્લયઃ;
મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે ॥૪॥

સર્વમઙ્ગલ-માઙ્ગલ્યં, સર્વકલ્યાણ-કારણમ્,
પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ॥૫॥

॥ શ્રી આદિનાથાય નમઃ ॥

# સમગ્ર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ શ્રી મહાસંઘ-અમદાવાદ શહેર

તા. ૧૨-૯-૨૦૧૪

**નમોનમઃ શાશ્વત પરિવાર**
**C/o. પારી વરધીલાલ સંપ્રીતચંદ**
**૨૨૮૭/૧, માણેક ચોક, અમદાવાદ-૧**

માનનીય ટ્રસ્ટી શ્રીમાન,

પ્રણામ,

શાતામાં હશો.

પ્રભુવીરનું શાસન અખંડ રીતે જેમના દ્વારા એકવીસ હજાર વર્ષ સુધી ચાલવાનું છે અને જેમના દ્વારા આપણે પરમાત્મપદ પ્રાપ્ત કરીશું એવા આપણા શ્રી સંઘના પૂજ્ય શ્રમણ અને શ્રમણી ભગવંતો પોતાનું આયુષ્ય પૂર્ણ કરીને કાળધર્મ પામે છે ત્યારે તેમની અગ્નિસંસ્કાર યાત્રામાં આપણે નહિવત સંખ્યામાં હાજર રહીએ છીએ. કેટલાક સંઘોમાં કે ઉપાશ્રયોમાં ક્યારેક વાહનની વ્યવસ્થા પણ કરવી પડે તે આપણા માટે શોભાસ્પદ નથી.

પ.પૂ. બાપજી મહારાજના સમુદાયના પ.પૂ.આ.ભ.શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય પ.પૂ.આ.ભ.શ્રી નરરત્નસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી **'નમોનમઃ શાશ્વત પરિવાર'** છેલ્લાં ૪ વર્ષથી કોઈ પણ

સમુદાય કે ગચ્છના ભેદભાવ વિના પાલખીનું તેમજ અગ્નિસંસ્કારયાત્રાનું સમગ્ર સંચાલન કરી રહેલ છે. અત્યાર સુધી લગભગ ૧૦૫ ઉપરાંત અગ્નિસંસ્કારયાત્રાની વ્યવસ્થા કરેલી છે. આ સંસ્થાના યુવાન કાર્યકરો ખૂબ જ ઉત્સાહથી વિધિપૂર્વક, જયણાપૂર્વક અને ભક્તિભાવપૂર્વક સમગ્ર કાર્ય પૂર્ણ કરે છે.

આ પત્ર દ્વારા આપશ્રીને અમારી વિનમ્ર વિનંતિ છે કે-

- આપના સંઘમાં કે આજુબાજુના કોઈ પણ ઉપાશ્રયમાં કોઈ પણ પૂ. સાધુ-સાધ્વીજી કાળધર્મ પામે ત્યારે તરતજ અમારી સંસ્થાના કાર્યકરોનો સંપર્ક કરશો. અમને લાભ આપશો.
- આપના શ્રી સંઘના બોર્ડ ઉપર, કાળધર્મ પામેલા મહાત્માની સંપૂર્ણ વિગત પાલખીના સમય - સ્થળ આદિ વિશે લખશો.
- આપના સંઘના યુવાન કાર્યકરો અગ્નિસંસ્કારયાત્રામાં જોડાવા ઈચ્છતા હોય તો અમને એમનો સંપર્ક કરાવશો. અમારા કાર્યકરોનો સંપર્ક કરવા માટેના ફોન નંબરો નીચે મુજબ છે.
- ભૂપેન્દ્રભાઈ : ૯૪૨૮૧૧૬૨૫૧, કૌશલ : ૯૪૨૬૩૬૪૪૫૧, પ્રતીક : ૯૪૨૭૧૦૯૭૧૧, હર્ષદભાઈ : ૯૮૨૪૦૨૧૬૪૮, નિરવ : ૯૩૭૬૧૦૫૬૪૨
- **'કાળધર્મ અગ્નિસંસ્કાર વિધિ'** પુસ્તકની આપના શ્રી સંઘમાં જરૂર હોય તો અમને જાણ કરશો.

**પૂ. મુનિરાજશ્રી હિતવિજયજી મહારાજ દ્વારા સંપાદિત 'કાળધર્મ-અંતિમ સંસ્કાર વિધિ' નામનું પુસ્તક અમારે ત્યાંથી વિના મૂલ્યે મળશે.**

## ભવાંતરની મારી આત્મકલ્યાણકારી ભાવના

૬. અરિહંત પરમાત્મા જ મારા દેવ છે.
જાવજ્જવ (જીવન પર્યંત) સુસાધુઓ જ મારા ગુરુ છે
અને શ્રી જિનેશ્વરદેવોએ કહેલા ભાવો એ જ સત્ય છે.
આ પ્રમાણેના સમ્યક્ત્વનો હું સ્વીકાર કરું છું.

૭. અન્યથા શરણં નાસ્તિ, ત્વમેવ શરણં મમ ।
તસ્માત્ કારુણ્યભાવેન, રક્ષ રક્ષ જિનેશ્વર ! ॥

**અર્થ :** હે જિનેશ્વરદેવ ! મારે તમારા સિવાય બીજા કોઈનું શરણ નથી.
માટે મારા ઉપર કરુણા કરીને ભવસાગર થકી મારી રક્ષા કરો,
રક્ષા કરો.

૮. જં જં મણેણ બદ્ધં, જં જં વાએણ ભાસિઅં પાવં,
જં જં કાએણ કયં, મિચ્છા મિ દુક્કડં તસ્સ ॥

**અર્થ :** મેં જે જે પાપ મનથી કર્યું હોય,
મેં જે જે પાપ વચનથી (વાણીથી) કર્યું હોય,
મેં જે જે પાપ કાયાથી કર્યું હોય,
મારાં એ સર્વ પાપ મિથ્યા થાઓ.
મેં કરેલાં એ સર્વ પાપોનો હું હૃદયથી
'મિચ્છા મિ દુક્કડં' આપું છું.

-મુનિ હિતવિજયજી